સુધરેલા રીત મુજબ

વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમીટીએ

તૈયાર કરેલી.

ત્રીજી ચોપડીના અર્થ.

(જેમાં દરેક અર્થ; કવિતાની સમજુતી; અઘરા શબ્દો; જોડણીભેદો; ક્લાસની ડ્રીલ; પાઠના મથાળાં; તથા સાર વગેરે.)

વેચનાર—મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કો.

મળવાનું ઠેકાણું શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું શાહપોર—સુરત.

સને ૧૯૨૨

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

છાપવાનું ઠેકાણું—'શંકર' પ્રી. પ્રેસ ચવટાના પુલપર—સુરત.

કિંમત ચાર આના.

બીજી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો

મેજ=ટેબલ
સુથાર=લાકડાનું કામ કરનાર
કડીઓ=છો ઈંટનું કામ કરનાર
મઘમઘવું=ખુશબોથી બહેક બહેક થઈ રહેવું
પવન=વાતું વાયુ
વાસ=સુગંધ; પીમળ
તળાવ=જેની ચારે બાજુ જમીન અને વચમાં પાણી હોય તે
પહાડ=મોટા ડુંગર
પાધર=ખુલ્લી જગા
ધર્મશાળા=મુસાફરોને વગર ભાડાની ઉતરવાની જગા
વટેમાર્ગુ=મુસાફર
ઓસરી=ઓટલી
સુરજ=રવિ
અજવાળું=સુરજ દીવા વગેરેનો પ્રકાશ
ધોર=બીક લાગે એવું
ઝગઝગે=પ્રકાશે
ઉજાસ=ઝાંખું અજવાળું
સરજ્યાં=બનાવ્યાં
કળાતું=સમજાતું
પાડ=ઉપકાર; આભાર
યાદ=હેમ; સરત
ઉપકાર=પાડ; આભાર
ભક્તિ=ભજન

સાર—દરરોજ ઇશ્વરની ભક્તિ કરવી

પાઠ ૨ જો.

કવિતાના અર્થ.

વર્ણન=હકીકત
ગવૈયા=ગાયન કરનાર
મધુર=મીઠું
પંખેરું=પક્ષી.
ભ્રમર=ભમરો
મુલ્લાં=મુસલમાનનો મીયાજી; વોરાઓના ધર્મગુરુ
તુલ=અનાજ
અંધકાર=અંધારું
ભુજ=ભારા
પંખી=પાંખવાળા જાનવર; પક્ષી
વન=જંગલ
વહાણું વાયું=સવાર થઈ
વીતી ગઈ=પુરી થઈ
પૂર્વે=ઉગમણી દિશામાં
ઝગઝગાટ=પ્રકાશ; તેજ
ભાતભાતના=તરેહવાર
દીસે=જણાય; દેખાય
પાન=પાંદડાં; પાંતરાં
કુકડા=મરઘા
મેના=એક પક્ષીની જાત
ફુટડા=રુપાળા; શોભિતા

તેજ=પ્રકાશ
ફીકું=ઝાંખું
ઊડી ગયું=જતું રહ્યું
ઝાંખું=ઝંખું; ફીકું
મોઢું કાળું થયું=દેખાતા બંધ થયા; સંતાયા.
ખુણાખાંચા=ગલીકુંચી; છુપી જગા
ખોળે=શોધે
બંદાજનો=ભગતો
ધ્યાનધરે=આંખ મીચી પરમેશ્વરનું નામ લે
ગાન=ગાયન
દાતા=સખી, ઉદાર
દીયે=આપે
રૂડું=ઘણું સારું;
બાંગ=નિમાજ પઢતા બૂમ પાડવી તે;
તણો=નો
ઉદય થયો=ઊગ્યો
કમળ=કમળનું ફૂલ
પત્ર=પાંખડી
ખોલે=ઉઘાડે; ખીલે
ઉમંગી=હોંસિલા
ધાય=દોડે; ઊડે
ઢોર=ચોપગાં જનાવર
ચારો=ખાવાનું
વેળી=વેળા
ધીમે ખીલે=ધીરે ધીરે ફૂટે
નહિ ભૂલ=વગર ચૂકે
તાજાં=તરતનાં ખીલેલાં
ટોળે=ટોળાબંધ
વીરા=ભાઇ
મગન=ખુશી
કેરૂં=નું

પાઠ ૩ જો.

વરસ=બાર મહીના
ઋતુ=મોસમ; રત
મહીનો=ત્રીસ દિવસ
કારતક=હિંદુ વરસનો પહેલો મહીનો
તહેવાર=આનંદનો દિવસ
દાદાજી=બાપના ને માના બાપ
શિયાળો=ટાઢની મોસમ
ઉડાડે છે=ચગાવે છે
ઉતરાણ=સંક્રાંત; સુરજનું ઉત્તર તરફ જવું
રત=ઋતુ; મોસમ
જાડા=ઘટ કુમાસના
ગરમ=હુંફાળા
હોળી=ફાગણ સુદ પુનેમ
સુદ=અજવાળીઉં; પહેલું પખવાડીઉં
વદ=અંધારીઉં; મહીનાનું બીજું પખવાડીઉં
પખવાડીઉં=પંદર દિવસ
અમાસ=હિંદુ મહીનાનો છેલ્લો દિવસ(જે દિવસે ચંદ્ર બીલકુલ ઉગતો દેખાતો નથી)
તિથિ=દહાડો, દિવસ
વસ્ત્ર=લુગડાં
ઝીણાં=પાતળા કુમાસના
પંખા=વીંજણા
ચોમાસું=વરસાદની ઋતુ
બળેવ=રક્ષા બાંધવાનો ને જનોઇ પહેરવાનો દિવસ; શ્રાવણ સુદ ૧૫
દશેરા=આસો સુદ ૧૦ રક્ષા છોડવાનો દિવસ;

દિવાળી=હિંદુ વરસના છેલ્લા મહીનાનો છેલ્લો
દિવસ: આસો વદ અમાસ
પર્વ=તહેવાર

સવાલ.—વરસની ઋતુ કેટલી ને તે કઇ કઇ? દરેક ઋતુ કેટલા મહીનાની અને તે મહીના કયા કયા? વરસના મહીના કેટલા? મહીનાના દિવસ કેટલા? પખવાડીઆં કેટલાં અને તે કયા કયા? પખવાડીઆના દિવસ કેટલા? મહીનામાં પુનેમ અને અમાસ કેટલી આવે? મહીનામાં બીજી તિથિઓ કઇ કઇ આવે અને કેટલી વાર આવે? શિઆળો, ઉનાળો અને ચોમાસાને શેની મોસમ કહે છે? દરેક ઋતુમાં કયા કયા તહેવાર આવે છે અને તે કઇ તિથિએ આવે છે?

પાઠ ૪ થો.

મેળો=ઘણાં માણસોની ને ગાડી ઘોડા વગેરેની ઠઠ
ગોકળઆઠમ=શ્રાવણ વદ આઠમ; જન્મ ઠમી
ફરફરતાં=ફરકીવાળાં
બાંધબંધ=દોરતદાર
ઠઠ=ગીરદી; ભીડ
વખુટા=જુદા
દુકાન=માલ વેચવાનું ઠેકાણું.
કંસારા=ધાતુના વાસણ બનાવી વેચનારા

તાંબુ=લાલ રંગની ધાતુ
પિતળ=તાંબુ અને જસતની મેળવણીની પીળા રંગની ધાતુ
સુખડીઆ=મિઠાઇ બનાવનાર
હાટ=દુકાન
કોપરાપાક=કોપરાનો બનાવેલો પાક
મિઠાઇ=બરફી, પેંડા વગેરે
ખડકેલી=ગોઠવેલી
બરાદી=સિંઘાડા ઉપર ખાટ ઉતારનારા

સામાન=ચીજો; વસ્તુઓ
પલંગ=છત્રીવાળો ઢોલીઓ
પારણું=હીંડોળા જેવું ઘોડીઉં
ઢોલીઓ=બે બાજુએ તકીઆવાળો પલંગ
કાપડીઆ=કાપડ વેચનાર
સુતરાઉ=સુતરનું
ઊનનું=ઘેટાના વાળનું
રેશમી=રેશમનું
શણ=એક જાતના છોડની છાલ;(એનાં દોરડાં ને કપડાં બને છે.)

અતરીયા=અત્તર, ગુલાબ જળ, ધુપેલ વગેરે વેચનાર
મહેકમહેક=મઘમઘ
મીઠો મેવો=તાજાં ફળ
દ્રાક્ષ=દરાખ
ચોગાન=ખુલ્લું મેદાન
મદારી=ખેલ કરનાર
ખેલ=રમત
સિપાઇ=ચોકીદાર
સવારો=ઘોડે બેસી ફરનાર સિપાઇ
ફુદડી=ચક્કર

સવાલ—ગોકળઆઠમના મેળામાં શું શું જોયું ?

પાઠ ૫ મો.

નઠારી=ખરાબ
સોબત=સંગત
પટેલ=ગામનો ઉપરી
વાડી=ફૂલ ફળનાં ઝાડની જગા
મઝા=ગમત
શેખી=પતરાજી
પરકાં=પરાયાં; બીજાં
માને=કબુલ કરે
આખરે=અંતે; છેલ્લે
ઝાંપો=કાંટાનો દરવાજો
આઘે=દૂર
ખાસાં=સારાં; મજાનાં
નિશાન=એંધાણ
તાકીને=ધારીને
લુમ=ઝુમખો
ટીપડે=નીચે પડે
ઘાટ=ઇલાજ; ઉપાય
રાસ=દોરડું
ઢગલેઢગલા=ઘણુંજ
દોસ્ત=ભાઇબંધ
ફક્કડ=સારા
પછવાડેથી=પાછળથી
રખેવાળ=સાચવનાર
સજ્જડ=જોરથી
ઝપાટો=સપાટો
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
અથડાયું=અફળાયું
ચકરી=તમ્મર
ઘુંદાઇ=કચડાઇ
લોહીલોહાણું=લોહીથી ખરડાએલું
વાડીવાળો=વાડીનો માલીક
ભપડાકો=તમાચો
જીવ લઇને નાઠો=ખૂબ દોડ્યો
ફરીને=પાછળ
ઢોલો=થપ્પડો
ફળ=ફાયદો, લાભ

કવિતાના અર્થ

અસર=લાગણી
સંગ=સોબત; સંગત
રંગ=અસર; પાસ
પ્રેમ=પ્યાર
ઠામ=ઠેકાણું
ઠરશે=ઉભો રહેશે
બુરો=નઠારો; ખરાબ
મે'તા=મહેતાજી
ભાગ્યશાળી=નસીબદાર
વિદ્યા=ઇલમ; ભણતર;

સાર—નઠારી સોબતથી તેની નઠારી અસર આપણાપર થાય છે માટે નઠારા માણસની સોબત કરવી નહિ પણ સારા માણસની કરવી.

પાઠ ૬ ઠ્ઠો.

રખડેલ=રખડતો
ખાતાં પીતાં હતાં=પૈસે ટકે સુખી હતાં
વયે=ઉંમરે
પાર રહ્યો જ નહિ=ઘણો જ થયો
વધાઇ=વધામણી; ખુશ ખબર
ઓવારણાં=દુખડાં
કોઇપગલું=કોઇના તરફથી જે પગલું બાંધવામાં આવે તે
ભેટ=ઇનામ
લાડીલો=લાડમાં ઉછરેલો; લાડકવાયો
કુટેવ=નઠારી આદત; ખરાબ ટેવ
પોળ=મોટી ખડકી
અટકચાળાં=અડપલાં;
લડાઇ=વઢવાડ
ઇલાજ=ઉપાય
વંઠી જશે=બગડી જશે
સીધું ચાલવું=તોફાન મસ્તી ન કરવી
બહાને=નામે
ચૌટું=જ્યાં ચાર રસ્તા ભેગા થતા હોય તેવો બજાર
રઝળતો=રખડતો
ટોળું=જથો
મસ્તી=તોફાન
લાતાલાતી=લાતબાજી
લાત=પગ મારવો તે
ઉતરી ગયો=સાંધામાંથી ખસી ગયો
ભેંકડો તાણતો હતો=મોટે સાદે રાગ કાઢી રડતો હતો
હાડવૈદ=ઉતરેલું હાડકું બેસાડનાર વૈદ
લેપ=ખરડ
ઓસડ વેસડ=દવા ને તેના ઉપાય
વલે=દશા; ભુંડા હાલ
ખો=આદત; ટેવ
શિખામણ=ફાયદાની વાત; બોધ
સુધરી ગયો=કુટેવ છોડી દીધી

સાર—નિશાળનું નામ દઇ રસ્તામાં રઝળવું નહિ, અને નઠારાની સોબત કરવી નહિ.

પાઠ ૭ મો.

જક્કી=હઠીલો; જીદ્દી
વાછરડાં=ગાયનાં બચ્ચાં
લવારાં=બકરીનાં બચ્ચાં
પાડાં=ભેંસનાં બચ્ચાં
ગાડરાં=ઘેટાંનાં બચ્ચાં

ચારો=ઘાસ
નીરતો=નાખતો
ખાધે=ખએ
ખેતર=અનાજ ઘાસ પાકે તે જગો
ઝોક=બકરાં ઘેટાં રાખવાનો વાડો
છાંયે=શીળે; છાંયડે
વાંસળી=વાંસની વગાડવાની નળી
પાવો=પીસવો; સિસોટી
હૂંફ=ગરમી
જતન=રક્ષણ; સંભાળ
ગોવાળી=ઢોર ચરાવનાર
ઊંચી થઇ=ઊડી ગઇ; દૂધ દેતી બંધ થઇ

જાળવતો=સાચવતો
વિયાય=જણે
ધણી=માલિક
સાચવણું=સંભાળ
તકરાર=વઢવાડ; રકઝક
શિકારી=શિકાર કરનાર
અજાણ્યું=ઓળખાણ વગરનું.
મોજ=મજા; આનંદ
અભાગીઉં=કમનસીબ

પાઠ ૮ મો.

ગોંધતો=પુરી રાખતો
ચેન=સુખ; મજા
બંધીખાનું=કેદખાનું
ચાંદની=ચંદ્રનું અજવાળું
ખેલવું=રમવું
ઠરેલ=ડાહી
નાદાન=સમજણ વગરનું
સંભાળ=બરદાસ
સપડાઇ પડશે=હેરાન થશે; પકડાશે.
જક=જીદ; હઠ
લાગ=દાવ; તક
સટકી ગયું=છાનું માનું નાસી ગયું.
ઠેકવા=કુદકા મારવા
પાદર=ગામના ઝાંપા બહારની જગા
વગડો=જંગલ
કોતર=ગુફા; બખોલ
કમોતે=વગર મોતે

સાર—માબાપ મહેતાજી વગેરે કોઇ સારી શિખામણ આપે તે મુજબ ચાલવું. હઠ કરવી નહિ.

પાઠ ૯ મો.

રિસાળ=રિસાઇ જાય તેવો
સહેજ સહેજમાં=જરા જરા વારમાં
રીસ=ગુસ્સો;
છેડો=પાર
ભાગ્યે=કદાચ
આડોશી પાડોશી=આસપાસ રહેનાર
ભાઇબંધુ=સગાંવહાલાં
જમણ=જમવાનું
ચીસ=બીકથી બૂમ પડવી તે
ટેવ=આદત

નકામો=અમથો
ઢોંગ=ફેલ
વેદના=દુઃખ
મુદ્દલ=બીલકુલ; જરાપણ
પસ્તાયો=દીલગીર થયો
નડે છે=હેરાન કરે છે

સાર—જરા જરા વારમાં રિસાઇ જવું નહિ.

પાઠ ૧૦ મો.

કવિતાના અર્થ.

જાળ=કરોળીઆનું પડ; જાળું; ફાંદો
ફરી ફરીને=વારંવાર
વિષે=બાબત
વણ=વગર
તૂટેલે=તૂટી ગએલે
તાંતણે=તારે
મહેનત શરૂ કરી=મહેનત કરવા માંડી
કાજ=માટે
ફાવ્યો=પાર પડ્યો
બીડ્યો=મંડ્યો રહ્યો.
ધીરજ=સબુરી
નીરધાર=નક્કી
ખંત=ચેતક; કાળજી
યત્ન=મહેનત
ચગડાઇ=છુંદાઇ; દબાઇ
તળે=નીચે
મોત=મરણ
તજી=છોડી
અનંત=ઘણુંજ
લાભ=ફાયદો
પામે=મેળવે

પાઠ ૧૧ મો.

ચકભિલ્લુ=એક જાતની રમત
ગઢ=કિલ્લો
સાથી=સોબતી
ભિલ્લુ=સાથી
વડો=મોટો
સરદાર=ઉપરી
ઘૂમી રહ્યા=આમથી તેમ ફરી રહ્યા
દાવ=લાગ
પેંતરા=ડગલાં; પગલાં;
નજર ફેંકી=જોઇ
પૂર જોસથી=ઘણુંજ જોરથી
ભૂલથાપ=ભુલાવો.
શાબાશ=ધન્ય
દાવ=રમતનો વારો

સાર—શરીરની સાથે મન કેળવાય એવી રમતો રમવી.

પાઠ ૧૨ મો.

દૃઢ મનવાળો=પાકા વિચારવાળો
ગેડીદડા=દડો ને તેને ફેંકવાની લાકડી
ડગલું=પગલું
રંગ જામ્યો=મજા આવી
પછી તો ધૂળ=પછી કંઇ મજા પડવાની નથી
વચન=બોલ
ખાતરી=ભરોસો
સુનું=વસ્તી વગરનું
મોં ફેરવ્યાં=મોં ચઢાવી
પીડા=પંચાત; દુઃખ

મન ડગવા દીધું નહિ=વિચાર ફેરવ્યો નહિ

પાઠ ૧૩ મો.

મધમાખી=મધ બનાવનારી માખી
ડંખ=ડંશ; આંકડો
છંછેડે=હરકત કરે
પીઠ=વાંસો
ઘાટ=શરીરનો આકાર
સોહામણી=શોભતી
ભપકાદાર=રોફવાળા
કોરીને=કાણાં પાડીને
દુભવો=મનને દુઃખી કરો
નુકસાન=બગાડ
સ્વાદે=લહેજતથી
નવાઇ=અચરજ

સાર—કોઇનું ભલું કરીએ તો આપણું ભલું થાય, અને કોઇનું બુરું કરીએ તો આપણું બુરું થાય.

પાઠ ૧૪ મો. સંતોષ ભયો

મોસાળ=માના બાપનું ઘર; માનું પીયર
આંખ ટાઢી થઇ=
અંગેઠી=પોંક પાડવાની ભઠ્ઠી
ઉલટભેર=હોંસથી
વાંક=ગુનો; તકસીર
સાજું=આખું
ઉતાવળ=ઝડપ
ઠેસ=ઠોકર

સાર—૧) કોઇ પણ કામ ઉતાવળથી કરવું નહિ ૨) જેવું આપણું સમજવું તેવું સામાનું સમજવું.

પાઠ ૧૫ મો.

ઢીંગલી=નાની પુતળી
તકતો=આરસો
ઝુટ=એકદમ ઝડપ મારી લઇ લેવું તે
સરી પડયો=લપસી ગયો
બરડ=ઝટ ભાંગી જાય એવો.
પાછાડીએ=પછાળીએ
ખેંચતાણ=ખેંચાખેંચી
કાયર=હેરાન
પજવે=દુઃખ દે
ફુટી બદામ=ખોટી બદામ; નજીવી કિંમત
સહીઅરો=બેનપણીઓ
કટ્ટા=એકબીજાની સાથે નહિ બોલવું રમવું તે

કવિતાના અર્થ.

આપણ=આપણે
સુખચેન=મઝા
શોક=દીલગીરી
લાજ=આબરૂ
ઘટે=ઓછી થાય
નિંદે=ખોટું ખોટું બોલે
બળવંતા=જોરાવર
સદા=હમેશાં
લેશ=જરાપણ
કલેશ=કંકાસ
કોય=કોઇ

પાઠ ૧૬ મો.

(રામચંદ્રજી=અયોધ્યામાં પ્રખ્યાત રાજા થઈ ગયા છે. (જેને લોકો પરમેશ્વરના અવતાર માને છે.)
ઇચ્છા=મરજી
ગભરાટ=ગભરામણ
છેવટે=આખરે
ફેરવવા=બદલવા
ફાંફાં=ખોટી મહેનત
ગણકાર્યું=માન્યું
ડસકાં=રડતાં રડતાં આંચકા ખાવા તે
શોષ=રડવાનું તોફાન
ખીજવાયા=ગુસ્સે થયા
ગોદ=ખોળો
ઓડકપટ=નજર
જંતરમંતરવાળો=પીછી ફેરવી કે મંત્ર ભણી સારું કરનાર.
જંત્ર=માદળીઆમાં ઘાલવાનો મંત્રનો કાગળ
માદળીઉં=તાવીજ
ધીરા=ધીરજવાળા
છાના=મુંગા
પ્રધાન=વજીર
દર્પણ=આરસી
દશરથ=રામચંદ્રજીના બાપ.
મહારાજા=મોટારાજા
શ્રી=સારા; શોભાયમાન

સાર—અક્કલ વાપરી યુક્તિથી કામ કરવું.

પાઠ ૧૭.

વગર વિચાર્યું=વિચાર વગરનું
જોડું=ધણીધણિઆણી
કચરાં પુંજો=કચરા વગેરે
પરવારી=નવરી થઈ
કથા=ઈશ્વરના સંબંધીઓની વાત
મળતું=પેદાશ થતી
ગુજરાન=ગુજારો
છોકરાં છૈયાં=છોકરા છોકરી
પેટે=પોતાને
ઓછું આવતું=દીલગીર થતી
પાપ=ખોટાં કામ
આધાર=આશરો; ભરોસો
સારું=ભલું; કલ્યાણ
આંગણું=બારણા આગળની જગો
તરફડતું=તરફડીઆં મારતું.
દયા=રહેમ.
ઉછેરીને=મોટું કરીને
જન્મ થયો=અવતર્યો.
કોહ્યાળું=કોહીવાળું.
ગુસ્સો=રીસ.
બેડું=ગાગર ને ઘડો
કટકા=ટુકડા
બાજી=તરફ; બાજુ
ભાંગીતૂટી=સમજાય નહિ તેવી
બોલી=બોલ
મૂર્ખ=બેવકુફ
પાપી=ચંડાળ; દુષ્ટ

અભાગણી=કમનસીબ
પુત્ર=છોકરો
જીવ=પ્રાણ
વળે=ભાન આવે
જાન=જીવ.

પાઠ ૧૮.

સંદેશો=ખબર
ખોડંગતો=લંગડાતો
દુઃખી=હેરાન
મદદ=આશરો
હુંફાળું=ગરમ
પરાળ=ભાતનું ઘાસ
છાપું=ચાલતા વખતની ખબરનો છાપેલો કાગળ
છાપખાનાવાળા=છાપખાનાનો માલીક
ગોઠવણ=બંદોબસ્ત
ગાર્ડ=સંભાળ રાખનાર
સરનામું=ઠેકાણું
સ્ટેશન=આગગાડી ઉભી રાખવાનું ઠેકાણું
ખડખડાટ=અવાજ
સિસોટી=પીસવો
ડરતો=બીતો
પંપાળી=હાથ ફેરવી.
ડર=બીક
નજીક=પાસે; સોડે
ઠરાવ=કરાર; થયેલી વાત
ઝપાટાબંધ=દોડતો
ખબરદાર=હોશિયાર
આઠકલાકમાં ૧૫ મિનિટ બાકી=૭॥ વાગે.

સાર—૧) દુઃખી પ્રાણીપર દયા રાખવી. ૨) જનાવરોને કેળવવાથી તેઓ માણસ જેવું કામ કરી શકે છે.

પાઠ ૧૯.

રીતસર=નિયમસર
વારો=દાવ; વખત
તોફાની=મસ્તીખોર
ખસેડી=આઘો કરી
માથું મારી=હિંમત કરી
કોણી=હાથને વાળવાનો વચલો સાંધો.
ઢીમણું=ઢીમું
છાતીવાળો=હિંમતવાન
ધરાયો=તરપત થયો
હડસેલી=ધક્કો મારી
વેગળા=આઘા, દૂર
બઝાડી=વળગાડી
પેટભરી=જોઇએ તેટલા

સાર—૧) ગરીબ માણસને મદદ કરવી. ૨) ઇશ્વરે આપણને બળ આપ્યું હોય તો તે ગરીબ માણસને મદદ કરવામાં વાપરવું.

પાઠ ૨૦.

ખલીફા=વારસ થનાર
પાદશાહ=મુસલમાન રાજા
દરબાર=રાજકચેરી
દેખાવડો=રૂપાળો
સુબો=સુબેદાર; સરદાર
નીમણુક=ગોઠવણ
હુકમ=આજ્ઞા
ખાસ=જુદો; ખાનગી
શાહજાદો=પાદશાહનો દીકરો

શાહજાદી=પાદશાહની દીકરી.
ચીતરામણ=ચીત્ર
તહેનાતમાં=ખીજમતમાં; હજુરમાં
છોકરવાદી=નાદાની
કારણ=સબબ; મતલબ
નામદાર=પ્રખ્યાત; નામીચો
ફરમાવશો=હુકમ કરશો
સમજુતી=સમજણ
મોંએ ચડેલો=લાડમાં મનજીમાં આવે તેમ બોલવા દીધેલો
અરજ=વિનંતી
ફરજંદ=બચ્ચાં; છોકરા
લાડ=વહાલા
અલ્લા=ખુદા; પરમેશ્વર.
ગુનો=વાંક; તકસીર
માફ=ક્ષમા
દીલ=મન
દીલગીરી=નાખુશી
ઓધ્ધે=હકુમત
નીમ્યો=નીમણુંક કરી
કઠણ હૈયાનો=દયા વગરનો.
રદ કરવું=ફેરવી નાખવું
આરબ=અરબસ્તાનનો રહેવાસી.

સાર—માણસની રીતભાત ઉપરથી તેના ગુણની પરીક્ષા થાય છે.

પાઠ ૨૧.

આંધળો=જેને બે આંખે દેખાય નહિ તે
લંગડો=લુલો.
ઢેકાઢળીઆ=ખાડા ટેકરા
માળા=પક્ષીના ઘર.
આસપાસ=આજુબાજુ.
કોહવાં=ફાડી ખાનારાં જાનવર
વાઘ=ફાડી ખાનારૂં ચટાપટાવાળું જાનવર
વરૂ=કુતરા જેવું ફાડી ખાનારૂં જનાવર
ખોંખારો=અવાજ
આડે=અવળે
દુવા=આશિષ; આશીર્વાદ
ઘોરી=મોટો; સરિયામ

સાર—એક બીજાને મદદ કરવી.

પાઠ ૨૨.

પડછાયો=ઓળો
ભાગોળ=દરવાજો;
ભાગ=હિસ્સો
પાર=કિનારો; કાંઠો
નદી=મીઠા પાણીનો રેલો પર્વત કે સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇ નદી કે સમુદ્રને મળે છે તે
કુદકો=છલંગ;
પૂલ=નદીપરથી જવાને બાંધેલો રસ્તો
થાક=વિસામો; આરામ
અદેખો=બીજાનું સારૂં જોઈ બળે એવો.
લોભી=લાલચુ
તરાપ=કુદકો; છલંગ

ખોળ=સોધ; તપાસ

પડાવી=ખુચવી; છીનવી

દાનત બગાડી=પડાવી લેવાની ઇચ્છા કરી.

ગુમાવ્યું=ખોયું

તાકે=ધારે; વિચારે

સાર—લોભ કરવો નહિ.

પાઠ ૨૩ મો.

ખરીદ કર્યું=વેચાતું લીધું

સંદેહ=વહેમ; શક

હડખવા=કુતરાં કોહલાં વગેરેને એક જાતનો રોગ થાય છે તે

દરકાર=પરવા

ઠાવકું=ડાહ્યું

બચકું=ડાકું

ખામી=કસુર

છુટ્ટું મુકી દીધું=છોડી દીધું

અભડાયો=અડકાયો

ભરોસો=વિશ્વાસ

સાર—આપણી આંખે ખરું દેખાયા છતાં બીજા પર ભરોસો રાખી ચાલવું નહિ.

પાઠ ૨૪

લખોટા=ગજો

છાનોમાનો=ચુપચુપ

બગાડયું=ખરાબ કર્યું

વિના=વગર

સજા=શિક્ષા

ભૂલીશ=વિસરીશ

ચોરી=છાની રીતે બીજાની વસ્તુ લઇ લેવી તે

ચોર=છાની રીતે બીજાની વસ્તુ લેનાર

સાર—ચોરી કરવી નહિ.

પાઠ ૨૫.

કવિતાના અર્થ.

કુહાડી=લાકડા ફાડવાનું હથિયાર

ભાયડો=મરદ

શાણો=ડાહ્યો

બહાદુર=જોરાવર

ઘાવ=ઘા

ભાળે=જુએ

નીર=પાણી; જળ

તાંહી=ત્યાં

નિહાળ્યું=જોયું

માંહી=અંદર; માં

ડચો=બાંધો

ઝુલતા ને સમાતાં=પાણીમાં આમ તેમ ડોલ્યા કરતાં અને તેની અંદર સમાઇ જતાં.

સુણી=સાંભળી

સાદ=અવાજ

ભલા=દયાળુ

દેવી માતા=દેવી

વદે=બોલે

માથું હલાવી=ડોકું ધુણાવી; ના કહી

સંપત=દોલત

મહેર=મહેરબાની. દયા
જગનાથ=જગતનોધણી. પરમેશ્વર

પાઠ ૨૬.

ભરપુર=ભરેલો
પૈસેટકે ખાલી=ગરીબ; પૈસા વગરનો
હાલત=દશા
ખૂટી ગયું=ઓછું થયું
ખુબસુરત=દેખાવડો
હેત=પ્યાર
દેશાવર=પરદેશ
કપરા=અઘરા; સખત
લાચાર=નાચાર; ઇલાજ વગરનો
મુલ=કિંમત
મુકામે=ઘેર
હૈયું ભરાઇ આવ્યું=રડવું આવ્યું
પંપાળતા=હાથ ફેરવતાં
બરદાશ=ચાકરી
પરવડે=બોજે; પાલવે

સાર—દરેક માણસે પોતાના પાળેલા પ્રાણીપર ઘણોજ પ્યાર રાખવો અને જરાપણ દુ:ખ દેવું નહિ.

પાઠ ૨૭.

ઝરો=પાણીનો વહેળો
બરાવ=દેખાવ
આંખ=નજર
નારાજ=નાખુશ
બબડવું=હોઠ હલાવી મનમાં બોલવું
લજાવ્યું=શરમાવ્યું
શરીર=દીલ
લલકારવું=લલકારી બોલવું.
ચમકી=ચોંકી
પારધી=શિકારી
કેડો=પુંઠ
વટાવી=ઓળંગી
વખોડવું=ધિક્કારવું
મોહી પડયું હતું==રાજી થયું હતું
ફસાવી દીધું=દુઃખમાં નાખ્યું

સાર—કોઇપણ ચીજને વગર વિચારે વખોડવી કે વખાણવી નહિ.

પાઠ ૨૮ મો.

શિયાળ=શિયાળવા
શહેર=જેમાં કોટબંધ ને હારબંધ ઘરો હોય ને સારાં [illegible] બજાર હોય તે.
બચકાં=ડાહ્યાં
રંગરેજ=રંગારો
જરદી=પીળો
પાસ=અસર
આંગણું=બારણું
કોઢ=પેઢી; લુહાર જે જગોએ બેસી ઘાટ ઘડે તે જગા
ભઠ્ઠી=મોટો ચુલો
ધગધગતા=ઘણાંજ ઊના
નકલ=બીજાનું જોઇને કરવું તે

સાર—કોઇની ખોટી નકલ કરવી નહિ.

પાઠ ૨૯ મો.	ટાંકણે=ટાણે; અવસરે	ખપ=જરૂર; કામ
વરો=જમણવાર; ન્યાત	મેળાપ=મુલાકાત.	રંક=ગરીબ
ઘી=તારેલું માખણ	ચડભડી=લડી	ભારેખમ=ભારેબોજવાળા
પીયર=બૈરીના બાપનું ઘર; બાપનું સાસરૂ	રડયું ખડયું=જવલ્લેજ	માન=આબરૂ; ઇજ્જત
મણ=૪૦ શેર	લેખવે=ગણે	
	મોંઘે ભાવે=ઘણી કિંમતે	

સાર—ભારેખમ થઇ ખુણે બેસી રહીએ, તે કરતાં બહાર પડી બધાના ઉપયોગમાં આવવું સારૂં છે, એમ કરવાથી વગર માગે માન મળે છે.

પાઠ ૩૦ મો.	તરાપ=છલંગ	નોબત
કુંવર=રાજાનો છોકરો	ઠેકાવી=ઠેકડો મરાવી	નિશાન=ધજા; વાવટા
બાપકર્મી=બાપની કમાઇ ખાનાર	સેના=લશ્કર	દુશ્મન=શત્રુ
આપકર્મી=પોતાની કમાઇ ખાનાર	ઉપરી=સરદાર	ફોજ=લશ્કર
રાજપાટ=રાજગાદી	હિંમત=હામ	તક=દાવ
તીર્થ=પવિત્ર જગો	લૂણ=અનાજ	સરદારી=ઉપરીપણું
ધન=દોલત	ફતેહ=જીત	નાસભાગ=નાસા નાસ
ભાભી=ભાઇની વહુ	પ્રાર્થના=પરમેશ્વરના કાલાવાલા	કુંવરી=રાજાની છોકરી
વતન=જન્મભૂમિ	તડંગધુમ=ડંકો વગાડતાં તેમાંથી નીકળતો નાદ	બહાદુરી=હોશિયારી
ઓચિંતુ=એકદમ;	ડંકો=લડાઇનું વાજીંત્ર;	વરમાળ=વરને કન્યા જે માળા પહેરાવે છે તે

સાર—જાતે પેદા કરી ખાવાની ઇચ્છા રાખવી.

પાઠ ૩૧ મો.	નાર ચોપગું પ્રાણી	તાજો થયો=ધરાયો
દેડકો=જમીનપર રહે-	ઘાસચારો=ઘાસ વગેરે	લહેર=સપાટો

લટુકતો લટુકતો=લહેકાતી ચાલ ચાલતો.
ખાબોચીઉં=પાણી ભરાયલો નાનો ખાડો
ચહાઉ=કોઈ વખાણ કરે તેમ ફૂલે એવી
ફુલાવી=મોટું કરી
બેટા=દીકરા
બોલ=શબ્દ
મમત=જીદ; હઠ
ગજા=શક્તિ
ઉપરાંત=વધારે

સાર—ગજા ઉપરાત કામ કરે તો મરે, નહિ તો માંદો થાય, માટે ગજા ઉપરાંત કામ કરવું નહિ.

પાઠ ૩૨ મો.

ભિખારી=ભીખ માગનાર
તળાવડી=નાનું તળાવ
ખપગી=ખપની, સારી
ધ્રુજતો=કાંપતો; થથરતો
ખાદી=એક જાતનું જાડું લુગડું, દોટી
વાત=લાગત
મલમલ=એક જાતનું ઝીણું કપડું
બફારો=પસીનો
સાહુકાર=રૂપીઆની ધીરધાર કરનાર.
જેમ તેમ=ગમે તેમ
બેદરકાર=બેપરવા; ગરજ વગરનો.
રોગ=દરદ
કમ=કેંસ
જાતે-પોતે

સાર- કપડા મેલા પહેરવાં નહિ, એટલુંજ નહિ પણ તે ગમે તેમ પહેરવા નહિ

પાઠ ૩૩ મો.

બ્રાહ્મણ=હિંદુની ઊંચી જાત
ગણેલા=અનુભવી
સારો=લાયક
ધંધો રોજગાર=વેપાર વણજ
જડતો=મળે ખાસમ પડતો.
દોરીને=હાંકીને
આ=એગી
પગલાં=પગના તળીઆનો આકાર
અંગુઠીઆ=પગને અંગુઠે પહેરેલું ઘરેણું
જોટવા=પગને અંગુઠે તથા તેની જોડેની આંગળીએ પહેરવાનું રૂપાનું ઘરેણું.
નિશાની=એંધાની
વહેળો=નાની નદી
શેલો=શીલા; પથ્થર
ધોબી=લુગડાં ધોવાનો ધંધો કરનાર
ધોબણ=ધોબીની બાયડી
રાજમારગ=મોટો રસ્તો
ઢુંકડુ=પાસે; નજીક

ઊંડ નીર=ઘણું પાણી | ખંતીલા=કાળજીવાળા | મેળવ્યા=પેદા કીધા

સાર—ધ્યાન રાખી જોવાની વિચાર કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૪ મો.

કવિતાના અર્થ.

મહીમા=મોટાઇ
જગપતિ=પરમેશ્વર; જગતનો ધણી
જગ=દુનિયા
રચી=બનાવી
રચના=બનાવટ; ગોઠવણ
નવરંગી=તરેહ તરેહના રંગના
તરુપાન=ઝાડનાં પાંદડાં
પા'ડ=પહાડ
કરાડ=કરાડી; ગુફા
સિંધુ=દરીઓ; સમુદ્ર
સરિતા=નદી.
ઘાટ=પહાડ ઉપર ચઢવ ઉતરવાનો રસ્તો; ઓવારા
રળિઆમણી=શોભિતી
વાટ-રસ્તો
શીતળ=ઠંડા
સાર=સારી
સૂર્ય=સૂરજ
વરસાદ=મેહ
ઝૂલતી-લટકતી
મધુર-કાનને સારૂં લાગે એવું; મીઠું
નદ=[illegible]
ઝળ—તેજ; અજવાળું
રંગ=શોભા
મેદાન=ખુલ્લી લાંબી પહોળી જગા
તરતા-પાણી ઉપર રહેતા
મહીં-માં
આંખડી=આંખ
આવણું=ખાવાનું
સાથ=સાથે
કળા=કીમત; યુક્તિ
કળી શકાય નહિ=સમજી શકાય નહિ.
સરજી=પેદા કરી
સરજનહાર=પેદા કરનાર
પરમેશ્વર

પાઠ ૩૫ મો.

કવિતાના અર્થ.

વિશાળ=મોટી ડાળી પાંખડાં ખુબ ફેલાએલાં હોય એવો.
[illegible]-હવામાં રહેલી
[illegible]-[illegible]નું ઘર
તાડ=એથી ઉંચું ઝાડ.
કેળ=કેળાંનું ઝાડ
પલ્લવ-પાંદડાં
વનસ્પતિ=ઝાડ, છોડ વેલા વગેરે
ધરી=પહેરી
સોહાય=શોભે
કોયલ=કાળા રંગનું મધુર રાગનું પક્ષી;
કલોલ=મજા, ખુશી
તીતર—નીચા રાગનું પક્ષી
વિશેષ=વધારે

મેશ=મરસ; સારી રીતે.
કેસુડો=ખાખરાનાં ફૂલનો રંગ
ઘોળીને=પાણી જેવો કરીને; હલાવીને
ફુવારા=પાણી ઉંચું ઉરાડવા બનાવેલો ઘાટ
નવરંગ=રંગ બેરંગી
અપાર=ઘણુંજ
મોર=આંબાના ફુલ
કોર=બાજુ

ચાંદની=ચંદ્રમાનું અજવાળું

પાઠ ૩૬ મો.

ટેકરો=નાનો ડુંગર
ઓળો=પડછાયો.
પશ્ચિમ=આથમણી, સુરજ જે દિશામાં આથમે છે તે.
ઉત્તર દિશા=પૂર્વ દિશામાં મો કરી ઉભા રહેતા ડાબો હાથ
આવે તે.
દક્ષિણ દિશા=પૂર્વ દિશામાં મો કરી ઉભા રહેતા જમણો હાથ તરફ આવે તે.
ધ્રુવ=ઉત્તર દિશામાં આકાશમાં જે તારો એકની એકજ જગાએ ઝીણો ઊગતો દેખાય છે તે.

સવાલ—પુર્વ અને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી ? પડછાયો સુરજથી કઇ દિશામાં હોય ? લાંબામાં લાંબો અને ટુંકામાં ટુંકો પડછાયો કયારે હોય ? ઉત્તર દિશા શી રીતે જાણવી ? દહાડે દિશાઓ શા શા ઉપરથી જાણી શકાય ? રાત્રે દિશા શા ઉપરથી જાણી શકાય ? સામા સામી દિશાઓ ગણાવો.

પાઠ ૩૭ મો.

બેસતું વરસ=કાર્તક સુદ ૧
હાંડી=પાણીની બાકડી
મા'=બરતર
મથાળે=ટોચે
ફુટ=બાર ઇંચ, અડધો ગજ
લંબાણ=લાંબાપણું
પહોળાઇ=પહોળાપણું
ઇંચ=તસુ; સવાકા જેટલી જગા.
મધ્યમાં=વચમાં
પગથીઉં=નાની ઓસરી
ચોર=શુંગેરીઆ
કરા=ભીંત

સવાલ—નકશામાં ઉત્તર દિશા કયાં હોય ? ઉત્તર સામે કઇ દિશા ? પૂર્વ ને પશ્ચિમ દિશા કેમ ઓળખવી ? નિશાળનો નકશો કાઢો.

પાઠ ૩૮ મો.

ધોરી=સરિયામ
આગગાડી=વરાળથી ચાલતી ગાડી
સમજ=સમજણ; ભાન
ગોચર=ગાયોને ચરવાની જમીન

સવાલ—રસ્તો બતાવવાને બેવડી લીટી શા માટે દોરી ? નદી કેણી તરફ વહે ?

પાઠ ૩૯ મો.

વગડામાં=ઉજ્જડ જગામાં
પોપડો=ઢોરને ચરવાની જગા: ચરો, બીડ
આંબાવાડી=આંબાનાં ઝાડ ઘણાં હોય એવી વાડી.
નિચાણમાં=ઉતરતી જગામાં
ઢાળ=ઢોળાવ
દહેરૂં=દેવળ
કાંઠે=કિનારે
આરૂ=કાંઠાપર બેસવા લાયક જગા
વહેણ=રેલો
ચાલાક=ચંચળ
પાળ=કોરણ
ડાંગર=ભાત
મસ=ઘણું
ઇશાન=ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો
નજરે પડયા=દેખાયા
સુગમ=સહેલું

સવાલ—પવન કઇ દિશા તરફ વાતો હતો તે શા ઉપરથી કહ્યું ? ટાઢો પવન લાગવાનું કારણ શું ? તળાવ કોને કહેવું ? નદીને કેટલા કાંઠા હોય અને તે કયા કયા ? જમણો અને ડાબો કાંઠો શી રીતે જાણી શકાય ? નદી શા શા કામમાં આવે ? ખુણા કેટલા છે અને તે કયા કયા ? કઇ કઇ દિશાઓની વચ્ચે ખુણા હોય નહિ ?

પાઠ ૪૦ મો.

વાળું=રાતનું જમવાનું
ગમ્યું=ગોઠ્યું
ચોરો=સરકારી ઉતારાનું મકાન
મુખી=ગામનો ઉપરી; ગામનો બંદોબસ્ત રાખનાર પટેલ
ગંધ=ખરાબ વાસ
બંદોબસ્ત=ગોઠવણ
હવાલદાર=પટેલના તાબાનો નાના પગારનો સિપાઇ
મામલતદાર=તાલુકાનો ઉપરી અમલદાર; પટેલ તલાટીનો ઉપરી
ભરણું=પટેલ તલાટીઓ ખેડુત પાસેથી સરકારી

માગતા રૂપીઆ બાકી ઓછા ભર્યા હોય તે

તલાટી=ગામની વસુલાત ઉઘરાવનાર

રાવણી=ચોકીઆત ગણીઓ

તાલુકો=ઘણાં ગામ

મળીને થયેલો તે

નમુનો=પાકમાં ઓળખ

હુંડી=રૂપીઆ મગાવવાનો કાગળ; મની ઓર્ડર

માસ્તર સાહેબ=પોસ્ટ માસ્તર

ટપાલી=કાગળ વહેંચનાર

ગેરહાજર=હાજર નહિ તે

માંદો=બિમાર

ડાક્તર=અંગ્રેજી દવા જાણનાર વૈદ

સવાલ—ચોરો એટલે શું ? મુખી, તલાટી, ટપાલી, પોસ્ટ માસ્તર એ દરેકનાં કામ સમજાવો.

પાઠ ૪૧ મો.

સોનેરી=સોનના રંગ જેવો; પીળો

અંગારા=સળગતા કોયલા; દેવતા

ચળકતો=ઝળકતો

દાતણ પાણી=દાંત સાફ કરવા તથા મોઢું ધોવું તે

ધંધો=રોજગાર; વેપાર

ખેડુત=ખેતીનું કામ કરનાર

હળ=જમીન ખેડવાનું ઓજાર

ઝાડીને=ઝપટીને

ખોરાક=ખાવાની ચીજો

તાજી=તરતની

લહેર=સપાટા

નમતો=આથમતો

ઘોંઘાટ=અવાજ

સવાલ—સૂરજ ઊગ્યા પહેલાં પૂર્વ દિશામાં વાદળ વાદળોની કોરો કેવી જણાય ? અજવાળું શેમાંથી આવે છે ? સવારે શું જણાય ? સવારમાં માણસ, પશુ પક્ષી શું શું કરે છે ? છોકરાઓએ ઘડ ક્યારે ઉઠવું જોઈએ ? સાંજ પડી ક્યારે કહેવાય ? સૂરજ ઊગતાં પહેલાં આથમ્યા પછી થોડું અજવાળું રહે તેને શું કહે છે ? (જ. ઝાંખરણીઉં) સાંજના દેખાવની વાત કરો.

પાઠ ૪૨ મો.

કાનો=ખૂંણો

જોરથી=ઝડપથી

ઠરી જાય છે=ઠંડી પડી જાય છે.

ઠિંઠિ=આગગાડીમાં

એંજીનની ચિમની

ગુંગળાઇ=મુંઝાઇ

તોફાન=પવનનું બહુ

જોરથી વાવું તે.	ચરાવનાર	અકળામણ=ગભરામણ
ફફળવી=ગભડા; ફેરવાઇ	ઘસડી=ખેંચી	વાદળાં=વરાળના જથ્થા
પાળમાંથ—જડમાંથી	ધાન્ય=અનાજ	
ભરવાડ=ઘેટાં બકરાં	વહાણો=મોટી હોડીઓ	

સવાલ—હવા ક્યાં ક્યાં હોય છે? બધેજ હવા છે એ સાબીત કરી બતાવો. હવાની જરૂર કોને કોને છે? હવા ન હોય તો શું થાય? પવન એટલે શું? હવા ને પવનમાં શો ફેર છે? પવનનું તોફાન ક્યારે થાય? પવનથી થતા ફાયદા ગેરફાયદા ગણાવો.

સાર—આપણે હવા વગર જીવી કરીએ નહિ, માટે દયાળુ પરમેશ્વરે તે બધે ઠેકાણે ભરી રાખી છે.

પાઠ ૪૩ મો.	નિર્દય=દયા વગરનો	તળીઉં=નીચેનો ભાગ
કકડા=ટુકડા	કઠણ=સખત	જંતુ=ઝીણાં જીવડાં
દુઃખ=તીક્ષ્ણ અણી	ગાંગડો=ગઠ્ઠો	વેહ=છિદ્ર; કાણું
ચુરો=ભુકો	ઝાંખો=ચળકાટ વગરનો	થર=પડ
કણ=રજકણ	ફાલ=ફેલ	ચાંચવો=જમીન ખોદ-
છુટા=જુદા	કહેણી=કહેતી; કહેવત	વાનું ઓજાર; તીકમ
અક્ષરો=ટૂકડા; દરકતો	જન્મ=પેદાસ	હકીકત=વાત
પીગળનો—રસ થનો	દરીઓ=સાગર; સમુદ્ર	

સવાલ—ચાકનો કેમ સહેલાઇથી ભુકો થઇ શકે છે? ચાક પોચો છે તેથી શા શા ઉપયોગમાં આવે છે? ચાકને ભઠ્ઠીમાં નાખે તો શું બને છે? ચુનો શું કામમાં આવે? ચાક પાણીમાં ઓગળે કે નહિ? પાણીમાં ઓગળે એવા પદાર્થના નામ દો. જે પદાર્થ પાણીમાં ઓગળી જાય તે કેવા પદાર્થ કહેવાય? જ. દ્રાવ્ય ન ઓગળે તે કેવા કહેવાય જ. અદ્રાવ્ય. ચાકમાં કયો ગુણ છે કે જેથી તે પાણી

ચૂસે છે ? જ. છિદ્રાળુ. બીજા કયા કયા પદાર્થો પાણી ચૂસે છે ? છિદ્રાળુ પદાર્થનાં નામ દો ચાક દેવતામાં પીગળી જાય છે કે નહિ? દેવતામાં ન પીગળે એવા પદાર્થનાં નામ દો, ઓગળવું અને પીગળવું એમાં ફેર શું ? ચાકને ભોંયપર પછાડીએ તો શું થાય ? ચાકમાં કયો ગુણ છે કે જેથી તેને પછાડવાથી ભાંગી જાય છે ? જ. બરડ. બરડ ગુણવાળી ચીજોના નામ દો, ચાક શી રીતે બને છે ? જે પદાર્થો જમીનમાંથી નીકળે તે કેવા પદાર્થ કહેવાય ? જ. ખનીજ. ખનીજ પદાર્થનાં નામ દો. ચાકનો ઉપયોગ કહો.

પાઠ ૪૪ મો.	ગાળીને=રસ કરીને	બાઝેલા=વળગેલા
ટીપે છે=ઘડે છે,	કાતર=કાપવાનું ઓજાર	ખાટી=ખટાશવાળી
પતરાં=ધાતુને ટીપીને	ચંબુ=શિરોઇ	ઝેરી=ઝેરવાળા
કે રસ કરીને બનાવેલા	નાળચાં=નળી	સિક્કા=ચલણી નાણું
ચોડા પડ બનાવે તે	કથરોટ=મોટી થાળી	ટંકશાળ=સિક્કા પાડવાની જગા

સવાલ—તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર તથા વેચનારને શું કહે છે ? સુથાર, લુહાર, કુંભાર; શેના ઘાટ બનાવે ? તાંબુ ક્યાંથી નીકળે ? એ કેવો પદાર્થ કહેવાય ? તાંબાના ગુણ કહો તાંબાનાં કયાં કયાં વાસણો બને છે ? તમારા ઘરમાં તાંબાનાં જે જે વાસણ હોય તે ગણાવો. તાંબાનાં કાટને શું કહે છે ? તેનો રંગ કેવો હોય છે ? તે ખાવામાં આવે તો શું થાય ? તાંબા પર કાટ શી શી રીતે ચડે છે ? તાંબાના વાસણ પર કાટ ન ચઢે માટે શું કરે છે ? કલાઇનો રંગ કેવો હોય છે. ? તાંબાના કયા સિક્કા બને છે ? ટંકશાળ એટલે શું ? તાંબાનો ઉપયોગ કઇ કઇ ધાતુ બનાવવામાં થાય છે ?

પાઠ ૪૫ મો.	ખાણ=ખનીજ પદાર્થો કાઢવાનો ખાડો

મેગનેશીઆ=એક
ઓગળી=રસ થઈને
અજવાળું=ઉજળું; જેના થી બારણું ઉઘાડ દેવાય તે.

તાસકો=ઢાંકણાં
પવાલાં=ખાટુ પીપ
શિરાઈ=તાંબા પીતળ. વાસણ, ઘણું
કાટ=કીટ

કલાઈ=રાંગા સફેદ રંગની ધાતુ
માંજવાં=ઘસી સાફ કરવાં
સાદુ=સાધું

સવાલ—ધાતુમાં ક્યા ક્યા ગુણ હોય છે? ધાતુઓ ક્યાંથી નીકળે છે? ધાતુ એ કેવા પદાર્થ કહેવાય? પિતળ શી રીતે બનાવ? પિત્તળનો રંગ કેવો હોય છે? જસતનો રંગ કેવો હોય છે? તાંબું ને પિતળ એમાં કઠણ કોણ? શા માટે પિતળ વજનદાર કહે? પિત્તળનું શું શું બને છે? તમારા ઘરમાં પિત્તળના વાસણ હોય તેના નામ દો. પિત્તળ ઉપર કાટ ચઢે છે કે નહિ? પિત્તળના વાસણને કલાઈ કરાવવાનું કારણ શું? તાંબુ અને પિત્તળ એમાં જલદી કોણ કટાય? કોણું કયું વધતું પડે? તાંબા અને પિત્તળ એમાં સસ્તું કયું? પિત્તળ સસ્તું શા માટે? તાંબા અને પિત્તળના શરના ભાવ શું કરો?

પાઠ ૨૬ મો.

ઘાસનું બજાર=ઘાસની પીઠ
ભારા=પોળા. ઘાસ ઊગવાની જમીન; વાડ
કુમળું=નરમ
છાપરાં=ઢાંકણાં
વળુ=વળ દઈને
ગુંથીઆ=ગુંથી

ધરુ=બળી
દરભ=દરભ
ઝીંઝવા–ઘાસની જાત
ચરાઉ=ચરનારાં
ગંજી=ઘાસના ઢગલા
ગડા=ગાદ
સુગંધ=સારી વાસ
નાડ=સુગંધીદાર ઘાસ
[illegible]

કેટલાક ત
ધુપેલ=માથે ઘાલવાનું તેલ
અત્તર=સુગંધીદાર વસ્તુના રસ
કરાડ=ઘર; ઘાસની જાત
ખડ=ઘાસ
ફરી ફરીને=વારે વારે
ઉપલાણે=ઉપલા ભાગમાં

ચમરી=છોડ ઉપરની પાંખડી
સુંવાળી=લીસી
વાસ=સેડમ્
સુપડા=વાંસની ચીપ કે ઘાસનું ઝાડકવાળના વેલુ
સાદડી=ચટાઇ
પડા=ઝુડી
કુટીને=છુંદીને
મુંજ=સરકટની પાંદડીને પલાળી કુટેલી તે
ખટલા=ઢોળીઆ

સવાલ—જે ખેતરમા દાભ ઊગે તે ખેતર શા કારણથી નકામું થઇ જાય છે ? દાભના મુગીઆ કેવાં હોય ? એની પાંદડાની કોર કેવી હોય છે ? કુમળું દાભ શું કામમાં આવે છે ? પાકટ થયા પછી શું કામમાં આવે છે ? દાભ શું કામમાં આવે છે ? ઝીંઝવો શું કામમાં આવે છે ને ક્યાં ઊગે છે ? એના મુગીઆપર શું થાય છે ? એ ગડીને શું કહે છે ? ભોથ શા શા કામમાં આવે છે ? ઝીણી ઝીણી સોય જેવી પાંદડીવાળું જાળ જેવું કયું ઘાસ થાય છે ? ઘરો કાઢી નાખવા છતાં ફરીથી કેમ ઉગી નીકળે છે ? સરકટ ક્યાં થાય ? સરકટ જનાવરના ખાધામાં આવે છે કે નહિ ? નહિ આવવાનું કારણ શું ? સરકટની સળીઓ સુકાયા પછી શા શા કામમાં આવે છે ? એની પાંદડીને કુટીને પલાળે છે તેને શું કહે છે ? મુંજ શા કામમાં આવે છે ? કયા કયા ઘાસ ખાટલા ભરવાના કામમાં આવે છે ?

પાઠ ૪૭ મો.

વાવવા=રોપવા
સાંધા=સોટા
ગાંઠ=ગડી
સળંગ=સાંધા વગરની
ચેર=પેરીઉં
ગુચ્છો=ગુચળું; જથો
નજર કરો=ધ્યાન આપો
બી=બીયાં
ખાતર=ઘાસ છાણનો કચરો
પૂરીને=નાખીને
ભીલ=વગડામાં રહેનારી જાત
નાગલી=બાવટો
આગો=ઘાસનું ઘી
થેક=ચીઠા કે ડુંગળાનાં મૂળની ગાંઠો
ઢેબરા=મીઠું મરચું નાખી જુવાર બાજરીના કરેલા રોટલા
ખસલી=ઘાસની જાત
કડબ=જુવારનો સાંઠો
રાતડીઓ=રાતી જુવાર
બીડ=ઘાસીઉં; ચરો

સવાલ—બાજરી, જુવાર અને ડાંગરના છોડનો ઘાસની સાથે મુકાબલો કરો. આપણે અનાજ ખાઈએ છીએ તે શું છે? ઘાસનું બી નજીવું અને અનાજનું મોટું હોવાનું કારણ શું? મહીકાંઠો ક્યાં આવ્યો? મહીકાંઠાના બીજા લોકો કયું કયું અનાજ ખાય છે?

પાઠ ૪૮ મો.

અખત=બહુ
એક સામટું=સાથે લાગુ
ભાણ=સુરજ
દાણો=જુવાર અડદ વગેરે
કોઢ=ઢોર બાંધવાની જગા
નીરું છું=નાખું છું
છાશ=દહીંમાં પાણી નાંખી વલોવી બનાવે છે તે
કોવત=જોર
ચવડું=કોશ સાથે [illegible] લાકડું છે તે
આળસુ=સુસ્ત
સેડ=હળની વચમાંનો લાંબો સોટો
ચાસ=ખેતરમાં હળથી પાડેલા આડા ઉભા લિસોટા
હળપુણી=હળની લોઢાની કોશ
ધુસરી=બળદની કાંધે રહે છે તે લાકડું
છડો=હળને છેડે ખીલ જેવું છે તે; હલેડી

કવિતાના અર્થ.

તાત=બાપ
નીપજાવે=પકવે
અન્ન=અનાજ
પહર=પહેરે
સહે=ખમે; વેઠે
લહે=જબરો
ઉત્તમ=સારી
પર=પારકો
ઉપકારી=આભારી
શીખ=શિખામણ
ખંત=કાળજી

જગતનો તાત ગણાય એટલે જેવી રીતે બાપ છોકરાનું પોષણ કરે છે તેવીજ રીતે ખેડુત ધાન્ય ઉપજાવી આખા જગતનું પોષણ કરે છે માટે. ખેતીને ઉત્તમ કહેવાનું કારણ એ કે એ ધંધો સ્વતંત્ર છે, અનાજ જેવી જીવવાને જરૂરની ઘણી કામની વસ્તુ તે નીપજાવે છે માટે. **હળની હકીકત**—હળના મુખ્ય બે ભાગ છે, હળના પાછલા ભાગને હળું ને આગલા ભાગને સેડ કહે છે. સેડની લંબાઈ ૧૦ ફુટ

ને તુંગાની લંબાઈ ૪ ફુટ છે. તુંગું વચમાંથી જાડું નીચેથી અણીદાર ને ઉપરથી પાતળું હોય છે. જાડા ભાગમા સેઠના છેડા ઘાલે છે. તુંગામાં હળપુણી, ચવડું અને કસવાળો. હોય છે, હળપુણી લોઢાની હોય છે, તે નીચેને છેડે ચવડાની ઉપર રહે છે. ચવડુ અણીદાર ને ત્રણ પાસાવાળું હોય છે. સેઠને બીજે છેડે ખીલો હોય છે તેને સમન કહે છે, તેને ધુસરું બાંધે છે. ધુસરું બળદની ખાંધ પર મૂકે છે; ધુસરું ખાંધેથી ખસી ન જાય માટે ધુસરાને બંને છેડે લાકડાની સમોલ હોય છે તે બળદની ડોકે જોતરથી બાંધે છે. હળપુણી છેડેથી અણીદાર હોય છે. તેથી જમીન ખેડાય છે. હળપુણી જલદી ઘસાઈ કે ભાંગી ન જાય માટે લોઢાની કરે છે. તુંગાના ઉપરના ભાગમાં મુઠ્ઠીમાં આવે એવો લાકડાનો ગોળ કકડો બેસાડેલો હોય તેને છડો કહે છે. હળ હાંકતી વખત ખેડુત છડા પર ભાર દે છે તેથી હળપુણી ભોયમાં ઉતરે છે, એથી જમીન ખોદાઈને પોચી થાય છે ને ચાસ પડે છે. સવાલ—હળનું ડ્રોઈંગ પાડી તેના દરેક ભાગપર નામ લખો. હળના દરેક ભાગનો ઉપયોગ સમજાવો.

પાઠ ૪૯ મો.	ધરૂ=કુમળા છોડ	બરડીને=બચરડીને
લીલાંછમ=ઘણુંજ લીલા	ઝીલવો=ખમવો	છોડા=ફોતરાં

સવાલ—ડાંગર શી રીતે વાવે છે? ધરૂ એટલે શું? ડાંગર ક્યારડામાં શા માટે રોપે? ડાંગરના છોડા પાકે ત્યારે કેવા રંગના થાય છે? ડાંગર પાકયા પછી શું શું કરે ત્યારે ચોખા થાય?

પાઠ ૫૦ મો.	પતરાં=પાતરાં; ચમરી	પેર=ગંદેરી
કોલુ=શેરડીનો રસ	રસ=કસ	વેંત=બિલ્લંસ
કાઢવાનો સાંચો	સંબંધીજનિષે; [illegible]	આંખ=કળી

પીત=પાણીથી થતું જે કરસણ શાક વગેરે	કુકર=ભુંડ	તાવડો=મોટો પેણો
તરકારી=શાક	શિયાળવાં=શિયાળ	છ.રી=પટ
માસ=મહીના	સંભાળ=તપાસ	
	પાકટ=પાકી	

સવાલ—શેરડી શી રીતે રોપે છે? શેરડીની આંખ બતાવો, કાલું એટલે શું? માલું શેનું બનાવે છે? શેરડીમાંથી રસ શી રીતે કાઢે છે? રસનો ગોળ શી રીતે બનાવે છે?

પાઠ ૫૧ મો.	ભાવ=હોંસ	જોર=શક્તિ
રસોઇ=રાંધવાનું કામ	સાગ=સાજો	નકામો=ફોગટ
તકરાર=વઢવાડ, રકઝક	લોટ=આટો	હિસાબ=ગણતરી
વઢવા=લઢવા	કણક=લોટમાં પાણી નાખી લોદા જેવું કરે છે તે	ઉપયોગના=જરૂરના
ધીમા=શાંત		પૈસાદાર=પૈસાવાળા
ઉજળો=સફેદ		

સવાલ—માંદા ને દાંત વગરના માણસને કયો ખોરાક વધારે ઉપયોગી? તેનું કારણ શું? ભાત શી રીતે બનાવે? રોટલી શેની બને? રોટલી શી રીતે બનાવે? ગરીબો ઘઉં કેમ ખાતાં નથી?

પાઠ ૫૨ મો.	ઘરબાર વગરનાં=રખડતાં	જન્મ=જીંદગાની
મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો	પારકો=પરાયો, બીજાનો	રક્ષણ=બચાવ
લટકતો=ટિંગાતો	ચીજ=વસ્તુ	ડંખ=ચટકો
વાઘરી=શિકારી	ઇચ્છા=મરજી	પેસવા=દાખલ થવા
કાગળે=ઊનનું ઢુંગરું	નર=પુરૂષ	**કવિતાના અર્થ.**
ધુણી=ધુમાતા દેવતા,	છ ખુણાવાળાં=છ ખુણાના આકારના	હુન્નર=કસબ, કારીગરી
		નિશાળો=ઠેકાણું

મનોહર=મોહ પમાડનાર	સરે=થાય	ઉદ્યોગી=મહેનતુ
રચે=બનાવે	ગુણ=ફાયદો; લાભ	પંકાય=વખણાય
તત્કાળ=તરત	તમામ=બધું	
ચુસી=સોષી	તજે=છોડી દે	

સવાલ—મધપુડો કોણ બાંધે ને ક્યાં બાંધે ને મધ ક્યાંથી લાવે છે? મીણ શેમાંથી બનાવે છે? મધપુડામાં કેટલી જાતની માખીઓ હોય છે અને તે કઈ કઈ? રાણીનું કામ શું છે? મધપુડાના ખાનાં કેટલા ખુણાવાળા હોય છે? ખાનાં કેટલી જાતના હોય છે? ઇંડાં કયા ખાનામાં મૂકે ને તે કોણ મૂકે છે? મોટા ખાનામાં ક્યાં ઇંડાં મુકવામાં આવે છે? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર છે? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે? નર અને માખીમાં શો ફેર હોય છે? નર ને મારી નાખવાનું કારણ શું? મધ અને મીણનો ઉપયોગ કહો. મધમાખી પરથી આપણે શું શિખામણ લેવી?

પાઠ ૫૩ મો	નબળું=કમજોર	બીકણ=બીએ એવો
શેખ=મુસલમાનની જાત	જોડાએલા=સંધાએલા	ધસીને દોડે છે=હુમલો કરે છે
બતક=જમીનપર રહેનારૂં ને પાણીપર ચાલનારૂં પક્ષી	દાઢ=બેવડા દાંત	માંજર=કલગી
	અણીદાર=તીખા	દીપે છે=શોભે છે
	ગળી જાય=ઉતારી દે	ખોતરવાની=ખોદવાની
ચીકટ=ચિકાશ	જાળવે=સાચવે; સંભાળે	વહાણું વાય=સવાર થાય
ભિંજાતું=પલળતું	ઢાંકી=છુપાવી	

સવાલ—બતક કેવી જગામાં રહે છે? બતકનું શરીર કેમ ભિંજાતું નથી? બતક શું ખાય છે? બતકની ચાંચ કેવી હોય છે? બતકને પાંખ છે ત્યારે કેમ ઊડી શકતી નથી? બતકને કેટલા પગ

હોય છે ? દરેક પગે કેટલાં આગળાં હોય અને ક્યાં હોય છે ? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે ? બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી ? મરઘા અને બતકની ચાંચમાં ફેર શું ? મરઘા પાણીપર કેમ ચાલી શકતા નથી ? મરઘી છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય ? મરઘા શા માટે પાળતા હશે ? મરઘા કોણ પાળે છે ? મરઘો ક્યારે ક્યારે બોલે છે ને શું બોલે છે ? સાર—" મરઘો બોલે તેથી સવાર ને બપોર જણાય છે.

પાઠ ૫૪ મો.	માળો=પક્ષીનું ઘર	રઝળીને=રખડીને
કાબરી=કાબર ચીતરી	ખુણેખોચરે=ખુણામાં	ફાયદો=ગુણ
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લીધા પછી જે રહે છે તે	દરેક ફેરે=દરેક વખતે	વીણીવીણીને=શોધી શોધીને
તણખલાં=તરણાં	ભુરા=આસમાની	બી=બીક; ડર
	ટપકાં=છાંટ	
	લગી=સુધી	

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે ? ચકલી કેવા કેવા રંગની હોય છે ? ચકલીને એક એક પગે કેટલાં આગળાં હોય છે અને તે કેવી રીતે હોય છે ચકલી ક્યાં રહે છે ? માળા શેનાં બનાવે છે ? ચકલી વરસમાં કેટલી વાર ઈંડાં મૂકે છે ? બચ્ચાંને ક્યા સુધી ખવડાવે છે ? ચકલી શું શું ખાય છે ? ચકલી દરેક ફેરે કેટ કેટલાં ઈંડાં મૂકે છે ? ઈંડાંનો રંગ કેવો હોય છે ? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે ? ચકલીને કોની કોની બીક હોય છે ? ચકલી ને ચકલો ઓળખવાની નિશાની શું ?

પાઠ ૫૫ મો.	ગરદન=બોચી	પરના વાળ વાળી
દેખાવ=શોભા	કેશવાળી= ગરદન	નક્કર=સંગીન

લગામ=દોર
તીક્ષ્ણ=ધારવાળા
ચપટા=બેઠેલા
ભુસું=થુથું
મજલ=મુસાફરી; અંતર
પાણીદાર=જોસવાળી; ઝડપથી દોડનાર
અરબી=અરબસ્તાની
નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર, ધણીનું ભલું ચાહનાર
પ્રીતિ=હેત; પ્યાર
સરત=હોડ; હારજીત
ટટ્ટી=કામડાની વાડ
કુદાવે=ફલંગ ભરાવે
જીન=ચામડાનું પલાણ
સવારી કરે છે=બેસી મુસાફરી કરે છે

સવાલ—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે ? કેશવાળી કોને કોને હોય છે ? ઘોડો સપાટ જમીનપર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું ? એના કાન કેવા હોય છે ? લગામ કયાં ઘાલે છે ? કયા દાંત વડે ખોરાક કાપે અને કયા વડે ચાવે છે ? ઘોડો શું શું ખાય છે ? નાળ શા માટે જડાવે ? ઘોડાનો રંગ કેવો હોય છે ? ઘોડાની કઇ કઇ જાતો છે ? ઘોડામાં કયા કયા ગુણ છે ? ઘોડો શા શા ઉપયોગમાં આવે છે ? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે ?

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળ જડનાર
ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું
ફેર=તફાવત
ઝુમખો=જથો
ખોંખારે=હણહણે
ભૂકવું=ગધેડાનું બોલવું
અડીઅલ=અડીજાય એવું; જીદ્દી, હઠીલું.
ઠોઠ=અક્કલ વગરનો
નવાઇ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું; ઉદ્યોગી
ધીરજવાળું=દુઃખ ખમનાર; સબુરીવાળું
કહ્યાગરૂ=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડી ને ઘોડાના સંગમથી પેદા થએલો તે
વાળ=નિમાળા

ઘોડા, ખચ્ચર અને ગધેડાનો મુકાબલો—ત્રણેને બે આંખ, બે કાન, ડોકું, મોં, માથું, પીઠ, પુંછડું, અને ચાર પગ હોય છે. ત્રણેનું મોં લાંબું હોય છે ત્રણેના શરીરપર ટુંકા વાળ છે; પગને

તણીએ ગાળ હાળડા છે. ઘોડા અને ખચ્ચરના ડોકપર કેશવાળી હોય છે. ઘોડા અને ખચ્ચરના પુછડાપર મોટા વાળ વાળા હોય છે; ખચ્ચર ને ગધેડાના કાન મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટો હોય છે.

પાઠ ૫૭ મો.

ગોકળગાય=પરમેશ્વરની ગાય.
વાનાં=વસ્તુ
ધડ=ગળાથી પગ સુધી નો બધો ભાગ
ડોકું=ધડનો ઉપલો ભાગ
તાળવું=મોઢાની અંદર નો ઉપલો ભાગ
ભવાં=ભમર;
પોપચું=આંખનું ઢાંકણ
ખાળે છે=અટકાવે છે
ફેંકે=નાખે
મૂળ=શરૂઆત.
ગળું=બોચી પછાડીનો દાઢી નીચેનો ભાગ
વચલે ગાળે=વચ્ચોવચ્ચ
કેડ=કમર
ઢીંચણ=ઘુંટણ

શરીર વિષે—શરીરના મુખ્ય બે ભાગ, ડોકું ને ધડ છે. ડોકામાં માથું, (માથા ઉપરનો ભાગ તે ખોપરી. તે પર વાળ ઉગે છે) કપાળ, લમણાં, કાન, આંખ, નાક, મોઢું મોઢાની અંદર જીભ, દાંત અને તાળવું. ગાલ, ગળું, બોચી દાઢી અને હડપચી છે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેઢું. કેડ, વાંસો, બે પગ, જાંઘ, ઢીંચણ નળો, પટણી, તળીઉં, એડી, અને ઘુંટી છે.

પાઠ ૫૮ મો.

આકાર=ઘાટ
ઈંદ્રિ=ચીતા
ધમાકો=અવાજ
જ્ઞાન=સમજ

સવાલ—ઇંદ્રિયો કોને કહેવી? ઇંદ્રિયો કેટલી છે ને તે કેમ કેમ? આંખ, કાન, જીભ અને ચામડીનો ઉપયોગ કહો. આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. રંગ, આકાર અને ચળકાટ હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. ભારે ને હલકું; પોચું ને કઠણ; લીસું ને ખરબચડું, ટાઢું ને ઉનું; અને

આકાર. કાન, નાક, અને જીભ વડે પદાર્થના કયા ગુણ જણાય ?
કાન વડે અવાજ અથવા રણકો, નાક વડે વાસ; જીભે કડે સ્વાદ.

પાઠ ૫૯ મો.

રંગરેજ=રંગારો
ઘુટ્ટી=રજા
મૂળરંગ=લાલ પીળો અને વાદળી રંગ
ઝાંખા=તેજ વગરના
સેલા=દોપટા
સજ્જો=બાયડીને પહેર-વાનું સુતરાઉ લુગડું
ગળીનો રંગ=કાળો રંગ
વતા=વધારે
ખુલતા=ઉઠાવ પડતા

સવાલ—રંગરેજ શું કામ કરે છે ? મૂળ રંગ ગણાવો. કીરમજી રંગ બનાવવની રીત કહો. કીરમજી રંગથી કયા કયા લુગડાં રંગાય છે ? કેસરીઓ રંગ શી રીતે બનાવશો ? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું ? લીલો, નારંગી, તપખીરી અને કત્થાઈ રંગ શી શી રીતે બનાવશો ? પીળા રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને ? ઝાંખો ભુરો રંગ શી રીતે બને ? ખુલતો વાદળી રંગ બનાવો. ગુલાબી શું શું મેળવીને બનાવે છે ? મૂળ રંગ પરથી બીજા રંગો શી રીતે બનાવે છે ?

પાઠ ૬૦ મો.

ઉઘાડો=નાગો; લુગડાં પહેર્યા વગરનો
કાંતીને=તાર કાઢીને
વણે છે=બનાવે છે
દાશીરણીઓ=ટાપ-ટીઓ;
છીંટ=તરેહવાળું કપડું
જંગલી=સમજ વગરના
છાલ=છોડું
રંગદાર=રંગવાળા
ઢાંકણ=કવર
રૂવાં=ઝીણા વાળ
ગરજ સારે=કામ કરે
ભીગડાં=ભાડાં પડ
જામદાની=ઝીણું બુટ્ટા-દાર લુગડું
બાસ્તો=સુતરાઉ કપડું

સવાલ—લુગડાં પહેરવાથી શો ફાયદો ? ઊન એટલે શું ? ઊનનાં કયું કયું કાપડ બને ? ઘેટાને ટાઢ કેમ વાતી નથી ? ઊન સિવાય બીજાં શેનાં લુગડાં બને છે ? રૂ કયાં થાય છે ? રૂના લુગડાં

શી રીતે બને ? રૂનાં કયાં કયાં લુગડાં થાય છે? જંગલી લોકો ઊન અને રૂના લુગડા પહેરતાં નથી ત્યારે કેવા કેવાં લુગડાં પહેરે છે? પણ પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી ?

કવિતાની સમજુતી.

પાઠ ૨. સવારની હકીકત

હે ! મારા વહાલા દીકરા તું ઊઠ. જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઈ, સવાર પડી, પૂર્વ દિશામાં સુરજ ઊગવાની તૈયારીથી અજવાળું થયું; તેથી જાત જાતના રંગો દેખાય છે અને ઝાડના પાંદડાં હાલે છે. માટે હે ! મારા વહાલા દીકરા તું ઊઠ. જંગલમાં પક્ષીઓ બોલે છે. (૧) મરઘા કુકડેકુક બોલે છે અને કાગડા કા કા કરે છે; શોભિતા મેના, પોપટ ને મોર મીઠા બોલ બોલે છે. (ટેક) (૨) સુરજના ઊગવાથી ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડયું, અને તારાનો પ્રકાશ બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી. તેથી ચોર લોકો ઝંખવાઈ ગયા ને સતાવાને ગલીકુંચી શોધવા લાગ્યા (ટેક ૩) ભગત ઇશ્વરનું ધ્યાન ધરે છે, અને ગવૈયાઓ ગાયન ગાય છે; ઉદાર માણસો સારૂં દાન આપે છે અને મુલ્લાંજી નિમાજ પઢવાને બૂમ પાડે છે (ટેક ૪) સુરજ ઉગ્યો તેથી રાતનું અંધારૂં જતું રહ્યું; ભમરો ગું ગું અવાજ કરી રહ્યો, ને કમળના ફૂલની પાંખડીઓ ખીલી રહી. (ટેક ૫) જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે. (દિવસ ચઢતો જાય છે) તેમ તેમ માણસો ધંધે વળગવાને માટે હોંસિલા બને છે. પક્ષીઓ આકાશમાં દોડે છે, અને ઢોરો ચરો શોધે છે. (ટેક ૬) ઝાડ, વેલા, ફળ, અને ફુલ, ફુલ વગર (નિયમસર) ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠા થઈને તાજું અનાજ ખાવાને માટે જાય છે. (ટેક ૭) ભાઈ તું ખુશી થઈને પરમેશ્વરનું

નામ દઈ ઊઠ અને મન દઈને પાઠ વાંચ, એમ મા પોતાના છોકરાને કહે છે. (ટેક ૮)

પાઠ ૯ મો. સોબત તેવી અસર.

જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે. (૧) જેને જેવી સોબત તેના જેવાંજ તે કામ કરશે. જેને જેવી સોબત તેવીજ જગાએ તે જઈને બેસશે (૨) સારી સોબતથી સારો થશે; અને નઠારી સોબતથી નઠારો થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય ગુણીએલ મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય.) (૩)

પાઠ ૧૦ મો. ફરી ફરીને સારૂં કામ કરવા બાબત.

કરોળીઓ જાળ બનાવતાં ભોંયપર પડી જાય છે, ત્યારે ગભરાય છે અને વગર તૂટેલા (આખા) તાર ઉપર ચઢવાને માટે (ફરીથી) જાય છે. (૧) તેણે તાર ઉપર ચઢવાને માટે મહેનત કરી; પણ તરત તે નીચે પડયો અને ઉપર ચઢવાનો કોઇ ઉપાયમાં ફાવ્યો નહિ (૨) એવી રીતે (પડતો અને ચઢતો) ફરી ફરીને બે ત્રણ વાર મંડયો રહ્યો તોપણ તેમાં ફાવ્યો નહિ ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો (૩) હિંમત રાખીને ઉમંગથી તે છઠ્ઠીવાર ચઢવાને મંડયો રહ્યો; તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળમાં જઈ પહોંચ્યો. (૪) જો કરોળીઆએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ કરી હોત તો પગ તળે છુંદાઈને વગર મોતે મરી જાત. (૫) એ પ્રમાણે (કરોળીઆની પેઠે) જે માણસો મનમાં કાળજી રાખીને આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મેળવે. સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.

પાઠ ૧૫ મો. હળીમળીને રહેવા વિષે.

આપણે બને જણ ભાઈ અને બેન મળી સંપીને (હળીમળીને) રમીએ તો સુખ થાય અને મજા પડે, પણ જો લડીએ કે કજીઆ કરીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોકો નઠારૂં બોલે, (૧) હે ! જોરાવર બાપ પરમેશ્વર તું અમને હંમેશાં સંપ આપ; (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને અમારા દહાડા સુખમાં જાય અને કોઈ દિવસ જરાપણ કંકાસ થાય નહિ. (૨) છોકરા હળીમળીને રહેતાં હોય અને કોઈ દિવસ કોઈ લડે કે રડે નહિ: તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય તો મા ઘણી ખુશી થાય. (૩) સાર—ભાઈબેન સાથે સંપસંપીને ચાલવું.

પાઠ ૧૭ મો. વગર વિચાર્યું ન કરવા વિષે.

જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, તે પાછળથી દીલગીર થાય છે; જુઓ એવાં (વગર વિચારનાં) કામ કરવાથી ઘણાના જીવ જાય છે, (મરી જાય છે) (૧)સાર—ઉતાવળથી વગર વિચારે કામ કરવું નહિ.

પાઠ ૨૫ મો. કુહાડી.

નાનો છોકરો બાપની કુહાડી લઈ જોરાવર ડાહ્યો મરદ બન્યો ને જે કંઈ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો ગામને પાદરે તળાવપર ગયો. (૧) ત્યાં (તળાવમાં) માછલાંએ જરા પાણી હલાવ્યું, તેથી છોકરાએ પાણીની અંદર કંઈક જોયું, એટલે છોકરો મનમાં બીધો, તેથી કુહાડી પાણીમાં પડી ગઈ, તે વખતે તે બહુ ઘાંટા પાડીને રડ્યો; (૨) હંમેશાં પાણીમાં આમ તેમ ડોલ્યાં કરતાં અને સમાઈ જતાં એવાં દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાંભળીને (પાણી ઉપર) આવ્યાં, દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે, પણ

છોકરો કહે છે કે હે ! માતા, મારી કુહાડી એવી નથી. (૩) બીજી વખત સોનાની કુહાડી લાવીને બતાવી ત્યારે માથું ધુણાવીને (ના કહીને) છોકરો કહે છે કે એ પણ મારી નથી, અને તો મારી કુહાડી ઘણી ગમે છે. માટે હે ! દયાળુ માજી. તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી અને છોકરા સાથે બોલ્યા (છોકરાને કહ્યું) કે તને સુખ અને દોલત મળજો, ને પરમેશ્વરની મહેરબાની થજો. સાર—સાચું બોલવું.

પાઠ ૩૩ મો. પરમેશ્વરની મોટાઇ.

જગતના બનાવનાર (પરમેશ્વરે) આ દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે. તેણે આ દુનિયામાં નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યાં છે, (૧) તરેહવાર રંગના ખીલતા ફૂલો, ગાયન ગાતાં પક્ષીઓ અને સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં તથા પક્ષીની પાંખો તેણે બનાવ્યા છે. (૨) વળી પરમેશ્વરે મોટા મોટા પહાડો, ભેખડો, દરીઆ, નદી, ઓવારા અથવા પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તા વગેરેની આવી શોભિતી બનાવટ બનાવી છે. (૩) શિઆળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે. અને ઉનાળામાં સુરજનો તાપ નક્કી ઘણો પડે છે, (૪) ચોમાસાની ઋતુમાં વરસાદ વરસે છે, ઝાડો પર ફળો લટકતાં દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સંભળાય છે. (૫) અજવાળીઆમાં ચંદ્રનું અજવાળું આનંદ આપે છે, અને અંધારીઆમાં તારાના પ્રકાશનો રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે, વળી પાણીમાંના વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે ! (૭) હે પરમેશ્વર, તેં જોવાને માટે આંખ આપી છે, સાંભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી

એ સારૂં કહ્યું છે. (૮) વળી દાંત આપ્યા તેની સાથે ખાવાનો ખોરાક આપીને આપણાપર બહુ ઉપકાર કર્યો છે; હે ! પેદા કરનાર (પરમેશ્વર) તેં જે જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯) સાર— પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનિયામાં બધી વસ્તુઓ બનાવી છે, તેનો પાડ વાળવા માટે હરરોજ તેની ભક્તિ કરવી.

પાઠ ૩૫ મો. પાનખર ઋતુ (વસંત ઋતુ)

મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે તંબુ ઉભો કર્યો હોયની ! એવું દેખાય છે, તંબુપર જેમ ધજા વાવટા ફરકતા હોય તેમ કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ ધજાને વાવટા જેવાં જણાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાંદડાં હોય તે ખરીને જમીનપર પડે છે, પછી ઝાડને નવાં પાંદડાં આવે છે તેથી ઝાડ શોભિતાં દેખાય છે. (૨) વસંત ઋતુમાં જુનાં પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે અને તેને બદલે નવાં પાંદડાં ફુટી નીકળે છે. કોયલ મધુર શબ્દ બોલે છે; તેતર, કબુતર અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાંના ફૂલનો (કેસુડો) રંગ ધોળીને હોળી રમે છે, એટલે રંગની એક બીજા પર પીચકારી મારે છે, બાગમાં ફુવારા ઉડાડે છે. અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે. મતલબ કે પાણીનો છંટકાવ કરે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે. અને ઝાડો પર ઘણા તરેહવાર રંગો દેખાય છે, આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાંદની ખીલી રહી છે (૫) માણસો લહેજતથી (ખુશીથી) શીખંડ ખાય છે. અને ઠંડુ પાણી પીએ છે. પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી રહે છે. પશ્ચિમ અને દક્ષિણમાં દરીઓ હોવાથી પવન ઠંડો આવે છે.

પાઠ ૪૭ મો. ખેડુત વિષે.

અરે ! ખેતી કરનાર, તું ખરેખર જગતનો બાપ ગણાય છે. કારણ કે તું ખેતી કરે છે તેથી બધા પ્રાણીને ખોરાક મળે છે. આ આખી દુનિયાનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે. (૧) તુ કપાસ, ફળ, ફુલ, ઘાસ અને અનાજ પકવે છે; તોજ બધા પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે. (૨) તું વરસાદ ને તડકો વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે તેથી તું શરીરે જબરો બને છે અને હંમેશાં સંતોષથી ફરે છે એટલે સંતોષી રહે છે. (૩) ખેતી નક્કી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે મારી પેઠે મહેનત કરશો તો જબરા, સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો. (૪) કહેવત છે કે " ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નકૃષ્ટ ચાકરી, નિદાન ભીખ, એટલું ન આવડે તો દલાલી કે વૈદુ શીખ."

પાઠ ૫૩ મો. મધમાખી

હે ! મધમાખી, તું મહેનતુ છે, અને વળી કારીગરીની નિશાળ છે. (કારીગરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના ખાનાં જેવી કારીગરી માણસથી પણ બરાબર થઇ શકે નહિ.) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે. અને તરતજ તેમાં રસ મૂકે છે. (૧) મીઠું મધ ચુસી લઈને તું મીણ બનાવે છે, તેથી (મધ અને મીણથી) ઘણાં કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે, પણ મોટું ઉપયોગી કામ કરતું જણાય છે. વળી તું ડાહી ને ચોકખી દેખાય છે, તેથી તારું જોઇને બધા કામા માણસો આળસ છોડી દે છે. (૩) કીડી, કરોળીયા અને મકોડા

વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે, તેમાં પણ ગુંજ વખણાય છે. મતલબ કે એ બધાં જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે.

સાર—માણસે ઉદ્યોગી અને હુંનરી થવું


ભુગોળની શરૂઆત.

દિશા—(સ. ૧) દિશા કેટલી છે? ઉ. ચાર. (સ. ૨) દિશાનાં નામ દો. ઉ. ઉત્તર, દક્ષિણ, પુર્વ, પશ્ચિમ. (સ. ૩) દિશા શા ઉપરથી જાણી શકશો? ઉ. સુરજ ઉપરથી. (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો જે દિશામાં સુરજ ઉગે તે પુર્વ; આથમે તે પશ્ચિમ; સુરજ સામું મો કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફની દક્ષિણ (સ. ૫) સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પારખશો? ઉ. ધ્રુવના તારા ઉપરથી. (સ. ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. ઉ. ધ્રુવનો તારો હંમેશાં ઉત્તર દિશામાં ઉગે છે માટે એ તારા તરફની ઉત્તર, તેની સામેની દક્ષિણ; જમણા હાથપર પુર્વ ને ડાબા હાથપર પશ્ચિમ (સ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું સાધન છે? ઉ. હોકાયંત્ર. (સ. ૮) હોકાયંત્રપરથી કઇ દિશા જાણી શકાય? ઉ. ઉત્તર દિશા. (એની સોય હંમેશાં ઉત્તર દિશાપ રહે છે) (સ. ૯) દિશા જાણવાથી શું ફાયદો? ઉ. ફલાણી જગાથી ફલાણી જગો કઇ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે તે માલમ પડે છે. (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી? ઉ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર; પગ તરફની દક્ષિણ; જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ. સૂચના–ચિત્રમાં નકશાની દિશા જુઓ.

ખુણા—(પ્ર ૧) ખુણા કેટલા છે? ઉ. ચાર. (પ્ર ૨) ખુણાના નામ દો. ઉ. અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઇશાન, (પ્ર. ૩) ખુણા

જાણવાની રીત બોલો. ઉ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈઋત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય અને ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન.

નકશાની દિશાની સમજ.



રાજકીય ભૂગોળ.

મહેસુલી ખાતું—(પ્ર. ૧) મહેસુલીખાતું શું કામ કરે ? ઉ. જમીનની મહેસુલ ઉઘરાવી હિસાબ રાખે. (પ્ર. ૨.) ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે ? ઉ. તલાટી. (પ્ર. ૩) તલાટીને મદદ કરનાર કોણ ? ઉ. મુખી. (પ્ર. ૪) તલાટી ને મુખીના ઉપરીને શું કહે છે ? ઉ. મામલતદાર. (પ્ર. ૫) મામલતદાર માજીસ્ટ્રેટ ક્યારે કહેવાય ? ઉ. ઇન્સાફનું કામ કરે ત્યારે. (પ્ર. ૬) મામલતદારપર કોણ દેખરેખ રાખે છે ? ઉ. આસિસ્ટંટ કલેકટર કે કલેકટર (પ્ર. ૭) આસિસ્ટંટ કલેકટર કે ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે ? ઉ. કલેકટર. (પ્ર.

૮) કલેક્ટર શું કામ કરે છે ? ઉ. મહેસુલી, પોલીસ, મ્યુનિસિપાલ, ડિસ્પેન્સરી, બાંધકામ વગેરે ખાતાંપર દેખરેખ રાખે છે. (પ્ર. ૯) કલેક્ટર ઇન્સાફનું કામ કરે છે ત્યારે એ કયા અધિકારી કહેવાય ? ઉ. ડિસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ. (પ્ર. ૧૦) કલેક્ટરને પોલિટિકલ એજંટ ક્યારે કહે ? ઉ. જ્યારે દેશી રાજ્યોનું કામકાજ કરે કે તપાસવા જાય ત્યારે.

પોલિસ ખાતું—(પ્ર. ૧) પોલિસખાતું શું કામ કરે છે ? ઉ. જાનમાલનું રક્ષણ કરે છે. (પ્ર. ૨) ગામડામાં પોલિસ અધિકારી કોણ છે ? ઉ. પોલિસ પટેલ (પ્ર. ૩) તાલુકાના પોલિસના ઉપરીને શું કહે છે ? ઉ. ફોજદાર. (પ્ર ૪) ફોજદારપર કોણ દેખરેખ રાખે છે ? ઉ. ડિસ્ટ્રીક્ટ પોલિસ ઇન્સ્પેક્ટર. (પ્ર. ૫) ફોજદાર અને ડિસ્ટ્રીક્ટ પોલિસ ઇન્સ્પેક્ટરના ઉપરીને શું કહે છે ? ઉ. પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ.

દિવાની ખાતું—(પ્ર. ૧) દિવાની ખાતું શું કામ કરે છે ? ઉ. લેણદેણનો ઇન્સાફ કરે છે. (પ્ર. ૨) શહેરના લેણદેણના ઇન્સાફ કરનારા અધિકારીને શું કહે છે ? ફર્સ્ટ કે સેકન્ડ ક્લાસ સબ જજ. (પ્ર. ૩) તાલુકામા લેણદેણનો ઇન્સાફ કરવાને કઇ કોર્ટ, છે ? અને તેના ઉપરીને શું કહે છે ? સેકંન્ડ ક્લાસ સબજજ કોર્ટ, અને તેના ઉપરીને સબજજ (મુનસફ) સાહેબ કહે છે. (પ્ર. ૪) શહેરમાં સબજજ કોર્ટ કેટલી ને કઇ છે ? ઉ. ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડક્લાસ (પ્ર. ૫) જિલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કામ કરે છે ? ઉ ડિસ્ટ્રિક્ટ જજ. તેઓ લેણદેણ સંબંધી બારે દાવા ચુકવે છે. (પ્ર. ૬) ડિસ્ટ્રિક્ટ જજના હાથ નીચે એ ખાતાના કયા અધિકારી છે ? ઉ. સબજજો. (મુનસફો).

વૈદક ખાતું—(પ્ર. ૧) વૈદક ખાતુ શું કામ કરે ? ઉ. માંદા માણસના આવજાવ કરે તથા તેમને દવા આપે. (પ્ર. ૨) મોટા

તાલુકામાં વૈદક અધિકારી કોણ હોય છે ? ઉ. હોસ્પિતાલ આસિસ્ટંટો. (પ્ર. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ ક્યાં રહે છે ? ઉ. સીવીલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—(પ્ર. ૧) જાહેર બાંધકામ ખાતું શું શું કામ કરે છે ? ઉ. સરકારી મકાનો, રસ્તા, પુલો, સડકો વગેરે બાંધે છે, ને સમરાવે છે. (પ્ર. ૨) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે ? ઉ. ઓવરસીઅર (પ્ર. ૩) ઓવરસીઅરના ઉપરીને શું કહે છે ? ઉ. એક્ઝિક્યુટિવ ઈજનેર.

કેળવણી ખાતું—(પ્ર. ૧) આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહે છે ? ઉ, મહેતાજી (પ્ર. ૨) નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામાં કોણ છે ? ઉ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર. (પ્ર. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરને મદદ કરનાર કોણ ? ઉ. આસિ ડે. એ, ઇન્સ્પેકટરો અને તાલુકા માસ્તરો.

મ્યુનિસિપલ ખાતુ—(પ્ર. ૧) મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે ? ઉ. રસ્તા સાફ રાખવાનુ, દીવા સળગાવવાનું, સડકો પર પાણી છાંટવાનું સુખાકારી સંભાળવાનું, શરૂઆતની કેળવણી આપવાનું વગેરે. (પ્ર. ૨) મ્યુનિસિપલીટીનો ખરચ શાથી નભે છે ? ઉ. જકાત, જાજરૂવેરા, ઘરવેરા; નળવેરા, વગેરેથી (પ્ર. ૩) મ્યુનિસિપાલીટી ક્યાં હોય અને ક્યાં ન હોય ? ઉ. પાંચ હજાર કરતા વધારે વસ્તી હોય ત્યા મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (પ્ર. ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કોણ ચલાવે છે, ઉ. સરકાર તરફથી નિમાયેલા ને પ્રજાએ ચુંટી કાઢેલા સભાસદો (પ્ર. ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે ? ઉ. કમિશનર. (પ્ર. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ

કાણુ હોય છે ? ઉ. પ્રેસિડન્ટ અને તેને મદદ કરવાને કમિશનરો ચીફ ઓફિસર કે સેક્રેટરી, ઇન્સ્પેકટરો ને કારકુનો વગેરે.

લોકલફંડ ખાતું—(પ્ર. ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે ? ઉ. કુવા, તળાવ, રસ્તા, વગેરે બાંધવાનું તથા સમરાવવાનું અને કેળવણી આપવાનું. (પ્ર. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શી રીતે ચાલે છે ? ઉ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે તે પર દર રૂપીએ એક આનો લોકલફંડનો વધારો લે છે તેમાંથી ચાલે છે (પ્ર. ૩) લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે ? ઉ. લોકલબોર્ડ. (પ્ર. ૪) લોકલ ફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે ? ઉ. લોકલફંડ કલાર્ક.

પોસ્ટ ખાતું—(પ્ર. ૧) પોસ્ટખાતું શું કામ કરે છે ? ઉ. કાગળો, બેગીચો, પારસલો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઇ જવા લાવવાનું તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (પ્ર. ૨) પોસ્ટ ઓફિસના ઉપરીને શું કહે છે ? ઉ. પોસ્ટ માસ્તર (પ્ર. ૩) પોસ્ટ માસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે ? ઉ. ડેપ્યુટી પોસ્ટ માસ્તર. કારકુન, સિપાઇ, ટપાલી વગેરે.

પરચુરણ—ઉપર સિવાય તારખાતું. જંગલખાતું, સરવેખાતું એગ્રિકલચરખાતું, આબકારીખાતું, કસ્ટમખાતું, નીમકખાતું, શીતળા ખાતું, રજીસ્ટરખાતું વગેરે ઘણાં ખાતાં છે.

સ્થાનિક પેદાશ—ગામ શહેર કે જિલ્લામાં મુખ્ય થતો પાક.

પરદેશ જતી ચીજો—જે વસ્તુ ઘણી પાકે તેને ગણવી.

પરદેશથી આવતી ચીજો—ગામ શહેર કે જિલ્લા પ્રમાણે લોખંડ, કાચ, કાપડ, ઇમારતી લાકડાં વગેરે આવતી ચીજોને ગણવી.

૪૩
વ્યાખ્યા.

શેરી—સામસામી ઘરોની હાર હોય તે.

મહોલ્લો—ઘણી શેરી મળીને થએલો ભાગ.

પરૂં—શહેરનો પાછળની વધેલો ભાગ.

ગામ—નાનાં નાનાં ઘણા ઘરની વસ્તી હોય તે.

કસ્બો—તાલુકાનું સૌથી મોટું ગામ. જેમાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે.

શહેર—માગ મોટાં બજારો, છોબંધ અને કારબંધ ઘણાં ઘરો હોય તે.

તાલુકો—ઘણાં ગામો મળીને થએલો ભાગ. જે મામલતદારના તાબામાં હોય છે તે.

જિલ્લો—કલેકટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા હોય છે તે.

બંદર—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ વહાણ મારફતે આવ જા થતો હોય તે.

એજન્સિ—દેશી રાજાઓ મુલક કે જે પોલિટિકલ એજંટના તાબામાં હોય છે તે.

પોલિટિકલ એજંટ—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર અધિકારી.

તળાવ—જેની ચારે બાજુ જમીન ને વચ્ચે પાણી તે.

બેટ—જેના ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—ઘણા ઉંચા, ને લાંબા પહોળા ટેકરાથી થએલો હોય તે.

નદી—મીઠા પાણીનો રેલો પર્વત કે સરોવરમાંથી નીકળી નીચી જગાપર થઇ મોટી નદી કે દરીઆને મળે છે તે,

સમુદ્ર—ખારા પાણીનો ભાગ કે જેમાં માલ લાવવા લઇ જવાના વહાણો ફરે છે તે.

મીઠખંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા.

હવા ખાવાનું ઠેકાણું—જે જગાપર સારી ને ખુલ્લી હવા હોય તે.

તિર્થ સ્થળ—(જાત્રાનાં ઠેકાણાં) કે જેનું મહાત્મ્ય દૂર સુધી જણાયું હોય, પુષ્કળ માણસો જતા આવતા હોય તે જગ્યા.

(ડ્રિલ માટે સૂચના પહેલીના અર્થમાં જુઓ.)

ડમ્બેલ્સની ડ્રિલ.

સુચના—દરેક રમત ૧૬ સુધી કરાવવી ત્યારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા ત્યાં મુકાવી દેવડાવવા.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧૧) (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણા હાથની મુઠ્ઠી મોં તરફ લઇ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો.

રમત ૧૨) (૧) ડાબો હાથ ઉંચો (૨) ડાબા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત ૧૩) (૧) જમણો હાથ ઉંચો (૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૪) (૧) ડાબો હાથ ઉંચો (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૫) બેઉ હાથ ઉંચા રાખવા (૧) જમણા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવી જમણો હાથ ઉંચો રાખવો. (૨) ડાબા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત ૧૬) બેઉ હાથ ઉંચા રાખવા ૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૭) બેઉ હાથ ઉંચા. ૧) જમણો હાથ માથા ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૮) ૧) બેઉ હાથ સામા લાંબા મુઠ્ઠીઓ જમીન તરફ, ૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછળ તરફ.

રમત ૧૯) ૧) બેઉ હાથ સામા લાંબા મુઠ્ઠીઓ જમીન તરફ ૨) હાથ પાછળ લાંબા મુઠ્ઠીઓ આકાશ તરફ.

રતમ ૨૦) બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. ૧) બેઉ હાર ઉંચા. ૨) બેઉ હાથ પગની આંગળા આગળ.

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

પરમેશ્વર	વટેમાર્ગુ	ભક્તિ	ધર્મશાળા	પૃથ્વી
બતાવ્યું	બાંધ્યું	ચંદ્રમા	સરજ્યાં	ચંદ્ર
ધ્યાન	રહ્યા	પ્રભુ	પર્વ	શ્રાવણ
વસ્ત્ર	ત્રાસ	ચૈત્ર	કાઢયો	દ્રાક્ષ
રસ્તે	મળ્યો	ચાલ્યાં	પિત્તળ	લક્કડ
દોસ્ત	ભાગ્યશાળી	કુક્કડ	સજ્જડ	પ્રેમ
ડાહ્યો	કહ્યું	પૂછ્યું	ત્રણ	મહિના
ઝાલ્યો	વિદ્યા	મસ્તી	પુત્ર	શીખ્યો
વિચાર્યું	ચઢ્યું	પહોંચાડયો	માર્યો	જક્કી
બન્યું	પ્રાણી	અજાણ્યું	સમજાવ્યું	ઉઠ્યા
ફાવ્યો	પહોંચ્યું	માંડયું	આણ્યું	પસ્તાયો
[illegible]	ઊઠયો	ફર્યો	પહેર્યો	બીડયો
મુઠ્ઠી	યત્ન	[illegible]	મચ્છર	[illegible]

પ્રમાણે	કર્યાં	કિસ્સો	ઉપાડયો	૯૯
મિત્ર	બોલ્યો	જાણ્યો	પાળ્યું	ઘણું
ધાન્ય	બાંધ્યું	દોડયો	દાબ્યો	ક્લેશ
કહ્યા	બાંધ્યો	રામચંદ્રજી	આરામ	કૌશલ્યા
પ્રધાન	જંત્ર	દર્પણ	નિદ્રા	ઇચ્છા
ધર્યા	માર્યા	ગણકાર્યું	સર્વ	વળ્યું
મંગાવ્યા	ગુસ્સો	વિદ્યાર્થીઓ	મૂર્ખ	ભક્ત
ઇશ્વર	નાખ્યું	માર્યો	પસ્તાઈ	ગાર્ડ
કેળવ્યો	સ્ટેશન	સોંપ્યો	પાળ્યો	નસાડયો
ત્રીજાએ	જણાવ્યું	બ્રાહ્મણ	ફેંક્યું	સાંભળ્યો
ચોકખું	જડયું	ગુમાવ્યું	ઉંચક્યો	ખુલ્લું
બગાડયું	ડર્યો	નિહાળ્યું	હલાવ્યું	ભુખ્યા
લજવ્યું	વળ્યું	ઝાલ્યું	ભર્યા	ભઠ્ઠી
રડયું ખડયું	અપકર્મી	આપકર્મી	પ્રાર્થના	તીર્થ
દુશ્મન	પરણાવ્યો	છોડયું	મધ્યમાં	લશ્કર
ફેંક્યો	ભેટયો	ચર્યો	ફુલાવ્યું	હંમેશાં
ભુલ્યો	ધ્રુજતો	ધ્રુજે	પહેર્યાં	સ્ત્રી
જડયો	પુષ્કળ	સરજાવ્યાં	સર્વે	પલ્લવ
સહાય	વનસ્પતિ	પશ્ચિમ	ઉત્તર	માસ્તર
સ્લેટ	વિજયા	ભૂસી	વચ્ચે	શીખ્યો
મુકાવ્યું	ક્યારડા	વર્ગ	વળ્યા	લલ્લુ
ઇશ્વરલાલ	બતાવ્યું	બંદોબસ્ત	ડાક્ટર	ખેડયું
લક્ષ્મણ	નિર્દય	છિદ્ર	સિક્કા	અત્તર
ઊગ્યું	ગુચ્છા	રદ્દ	ઉદ્યમ	[illegible]

કુક્કર	તત્કાળ	ઉદ્યોગ	વસ્તુ	પ્રીતિ
ટહી	નક્કર	સ્વાદ	છુરી	વત્તા
બાસ્તો	કરાવ્યાં	ગવૈયા	તિથિ	પખવાડીઆં
સરૈયા	નિશાન	અટકાવ્યાં	ઓસડવેસડ	શિકારી
અભાગીઉં	વિચ્ચાય	ગોધતો	રિસાળ	ઢોંગ
ભાગ્યે	પાટલુન	અનંત	નિરાધાર	ભૂલથાપ
ટપોટપ	પેંતરાં	બાહાદુરી	ગેંડીદડા	કુટુંબ
સોહામણી	અંગેઠી	ઢીંગલી	સહીઅરે	સંતાપ
વિવાહ	નિંદ	ખેંચતાણ	બળવંતા	ઝોડઝપટ
માદળીઉં	ઘંતરમંતર	ભાંગીતૂટી	કચરોપૂંજો	હુંફાળા
સરનામું	શિસોટી	મિનિટ	સંદેશો	ઢીમણું
હારડું	હિંચોળે	ફરજંદ	નીમણુંક	ચીતરામણ
હોશિયાર	ઠેકા	કિનારે	દાનત	ગોળમટોળ
ચટાપટા	શિખામણ	સંપત	ખૂબસુરત	અરદાસ
દુઃખ	ખડખડાટ	દુબળા	સંકટ	પારધી
શીંગડાં	જરદી	ધગધગતી	સિંહ	પિઅર
ટાંકણું	ઓચિંતી	રાજપાટ	પ્રમાણે	તડંગધુમ
ચકાઉ	ઉપરાંત	સાહુકાર	નખાવડી	શેલો
ખંતીલા	અંગુઠીઆ	કુંકડું	જગપતિ	મહિમા
દિશા	કસરતશાળા	આથમણી	દક્ષિણ	વિશેષ
ખુરસી	નિચાણ	અધિકારી	હુંડી	સેકન્ડ
જંતુ	વિષે	કોથળો	કથરોટ	ચંબુ
તાંબાકુંડી	ટંકશાળ	તાંબુ	ચળકાટ	મજાગરાં
શિરોઈ	થાળી	લોટા	ઝુમખી	સુપડા

ઝીંઝવો	ઝુપેલ	સુંવાળા	તમાકુ	સુગંધ
પાંદડાં	સળંગ	સેંકડો	રાતડીઆ	મહીડાં
કબરાં	હળપુણી	ધુસરી	સંતોષ	કૈવત
ઢેઢ	સોંસ	અથાણું	ચટણી	ફુલ
પાકટ	વેંત	તાવડા	શિઆળવા	હિંસબ
સફેદ	ધણિ	રક્ષણ	મધપુડો	ઇંડા
આળસુ	જીવડાં	ચીકટ	ભિખારી	ભિખાર
કાઢ	આંગળાં	નિશાળ	ખુણેખોચરે	નુકશાન
કાબડો	નીમકહલાલ	સુંવાળા	ભુસું	શરત
નાળબંધ	અડીઅલ	ગબેડું	બૂકે	પુછડી
સુરજ	સાંઠા	સબધી	ઠેકડા	ઉદસીંગ

ડિકટેશન શિક્ષક.

બાળપોથીનો	૦-૨-૦	ત્રીજીનો	૦-૩-૦
પહેલીનો	૦-૨-૬	ચોથાનો	૦-૪-૦
બીજીનો	૦-૩-૦	પાંચમ.નો	૦-૪-૦

ત્રિવેદી વાચનમાળા તથા કન્યા વાચનમાળા પુસ્તક ૧લા નો

" સુખગણિત શિક્ષક "

બાળવર્ગનો	૦-૧-૬	ત્રીજા ધો૦ નો	૦-૨-૬
પહેલા ધો૦ નો	૦-૧-૯	ચોથા ,,	૦-૪-૦
બીજા ,,	૦-૨-૦	પાંચમા ,,	૦-૪-૦

ભૂગોળની પ્રશ્નોત્તરમાળા.

ગુજરાતની	૦-૩-૦	મુબઇ ઇલાકાની	૦-૪-૬
હિંદુસ્તાનની	૦-૪-૦		